**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦ આજીવન ૨૫૧-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : ૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

• **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| અભિનંદનનીય સહાય | તંત્રી | ૩ |
| સ્થિતિ | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| આજના યુગમાં અવનીનું આશ્ચર્ય એટલે પૂ. 'મા સર્વેશ્વરી' | શ્રી રાજીવ જાની | ૧૧ |
| 'પ્રકાશના પંથે' શીર્ષકનું ઔચિત્ય | પ્રો. તરલા દેસાઇ | ૧૭ |
| Unexpected experience of Pujya Maa's grace | Hitesh Lad | 28 |
| પૂ. માની કૃપાથી કારની બેટરી ચાર્જ થઇ. | ડો. બી. જે જાગાણી | ૩૩ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૩૭ |
| સાધનાત્મક સંકલ્પો | નારાયણ હ. જાની | ૪૧ |
| અન્ન વસ્ત્રો અને વસ્તુઓના વિતરણ યજ્ઞો | નારાયણ હ. જાની | ૪૪ |
| શ્રી પુરુષોત્તમયોગ | શ્રી યોગેશ્વરજી | ૫૧ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૫૫ |

○

## ❋ અભિનંદનીય સહાય ❋

વિદેશની ધરતી ઉપર યુવાનીમાં ભગતરામ જેવું નિજાનંદે મસ્ત જીવન જીવનારને, આજ્ઞાંકિત, સમજુ, મીત-ભાષી, શ્રદ્ધાળુ ગૃહદેવી મળ્યાં છે.

એ દંપતી શ્રી BHRના ગૃહસ્થા-શ્રમમાં દાનની ગુપ્તગંગા પણ સતત વહેતી રહી છે.

અધ્યાત્મનો આ અંક એ એમની ગુપ્તગંગાની જ એક ધારા છે. એ દંપતીનું પરમ મંગલ હો, ભજનથી ભવપાર હજો, એ પ્રાર્થના છે. આભાર.

—મા.



# સ્થિતિ

**શ્રી યોગેશ્વરજી**

ભગવાન બુદ્ધ એકાંત અરણ્યમાંથી મંદગતિએ આગળ વધી રહેલા. એમની પાછળ પડેલા એ અરણ્યમાં વસતા દસ્યુ શ્રેષ્ઠ અંગુલિમાલે એમને જોઇને બૂમ પાડી, "બુદ્ધ, ઊભો રહે." ભગવાન બુદ્ધે શાંતિ તથા સ્વસ્થતાપૂર્વક પ્રત્યુત્તર પૂરો પાડ્યો કે 'હું તો ઊભો જ છું, તારે ઊભા રહેવાનું બાકી છે.' અંગુલિમાલે પુનઃ એવું જ કહ્યું ને બુદ્ધે એવા જ ઉદ્‌ગાર કાઢ્યા, ત્યારે અંગુલિ-માલને અતિશય આશ્ચર્ય થયું. બુદ્ધની આગળ આવીને એણે પૂછ્યું કે 'તમે અસત્ય ભાષણ કરો છો?' બુદ્ધે કહ્યું, 'બુદ્ધ કદી અસત્ય ભાષણ કરતો નથી. અસત્ય ભાષણ કરે તેને બુદ્ધ ના કહેવાય.' "તો પછી? તમે તો ચાલો છો તોપણ કહો છો કે હું ઊભો છું, તે કેવી રીતે?"

બુદ્ધ બોલ્યા : "મારું શરીર ચાલે છે. પરંતુ મન નથી ચાલતું, સ્થિર છે. બોધિ પ્રાપ્તિ પછી એણે વિષયોના વનમાં વિહરવાનું કે પવન લહરથી ડોલતી દીપ શિખાની જેમ ચલાયમાન બનવાનું છોડી દીધું છે. તું હજુ વિષયોમાં, વિકારોમાં, વાસનામાં ફર્યા કરે છે, તારે તારી અંદર સ્થિતિ કરવાની બાકી છે."

ભગવાન બુદ્ધના એ શબ્દો ખૂબ જ પ્રેરક તથા જીવનોપયોગી સંદેશથી સભર છે. માનવનું મન મોટે ભાગે બહિર્મુખ બનીને ભટક્યા કરે છે,

અસ્વસ્થ અને અશાંત બને છે. પદાર્થો, વિષયો, પ્રસંગો અને પરિસ્થિતિઓ એના પર પોતપોતાના સાનુકૂળ—પ્રતિકૂળ

સંમિશ્રિત પ્રભાવો પાડ્યા જ કરે છે. માનવ વાસના, વિકાર, સ્વાર્થ, અહં, મમ અને આસક્તિનો દાસ બનીને અવનીમાં અટવાય છે. એણે આત્મસ્થ થવાની, પોતાની અંદરની દુનિયામાં ડૂબકી મારીને, નિર્વિકાર નિર્વાસનિક અવસ્થામાં આસીન થવાની, પ્રજ્ઞાસ્વરૂપ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્માનો પરિચય સાધી, પ્રેમ જગાવી, એમની સાથે અનુસંધાન સાધવાની આવશ્યકતા છે. માનવે બુદ્ધ બનવાનું છે. એટલે કે વિષયોના વાસનાયુક્ત અવિદ્યાજન્ય જગતમાંથી જાગીને આત્માના આલોકમાં પદાર્પણ કરવાનું છે. એવા પદાર્પણ પછી શરીર સંસારમાં રહેશે. વિરોધાભાસી વાતાવરણમાં કે વ્યવહારમાં રહેશે તો પણ મન ચંચળ નહીં બને, વિદ્રોહ નહીં કરે, અશાંત નહિ બને, આત્મામાં સ્થિત રહેશે. જીવનના પરમ લક્ષ્યનું કદી વિસ્મરણ નહીં થાય. ''જૈસે નાવ ફિરે ચારો દિશ, ધ્રુવતારા પર રહત નિશાની''ની જેમ એના ચિત્તની વૃત્તિ, એની અસ્મિતા, પરમાત્માભિમુખ બનીને પરમાત્મા પ્રત્યે જ પ્રવાહિત થશે. આંખ જોશે છતાં નહિ જુએ. એટલે કે પરમાત્માને જ જોશે. કાન સાંભળશે તોપણ નહીં સાંભળે. શરીર, મન, ઈન્દ્રિયો કાર્ય કરશે તોપણ અંતરાત્મા એથી અલિપ્ત રહેશે.

પળે પળે ચંચળ ચાલે ચાલતા માનવને આત્માની અંદર સ્થિતિ કરવાની, ગીતાની પરિભાષામાં સ્થિતપ્રજ્ઞ બનાવાની, ઊભા રહેવાની આવશ્યકતા છે. બીજું બધું જ ચાલતું હોય પરંતુ એની વચ્ચે માનવ અડગ રીતે ઊભો રહેતો હોય, આત્મસ્થ રહેતો હોય, એથી અધિક કલ્યાણકારક બીજું શું હોઈ શકે?



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૭ જૂન—૨૦૦૬ અંક ૯

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૮—૧૧—૮૧ શનિવાર, માગસર સુદ બીજ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન એન્ટોનીયો, ટેક્ષાસ રાજ્ય, અમેરિકા.**

સમયસર સ્નાન વગેરે નિત્ય કર્મમાંથી પૂ. શ્રી નિવૃત્ત થઈ જાય છે. દરરોજની જેમ લેખનકાર્ય પણ થઈ જાય છે. આજે બારથી એક વાગ્યાના સમયગાળામાં મુસાફરી શરૂ થનાર છે. સાન એન્ટોનીયોથી લગભગ ૨૫૦ માઈલ દૂર જવાનું છે. ત્યાંથી સત્સંગપ્રેમી ભાઈ શ્રી રમણભાઈ ગઈકાલથી લેવા માટે આવ્યા હતા. આજે ખીચડી, શાકનું ભોજન લઈ લીધું. એક વાગ્યે મુસાફરી શરૂ થઈ. વચ્ચે 'ડીવાઈન' નામનું શહેર આવ્યું. ત્યાં દસેક મિનિટ માટે રોકાયા. ત્યાં મોટલમાં પ્રવેશતાં જ પૂ. શ્રી માટે સોફા ઉપર ચાદર પાથરવામાં આવી. પૂ. શ્રીને તથા સર્વેશ્વરીને ફૂલોના ગુચ્છો અર્પણ કરી પ્રણામ વિધિ

કરવામાં આવી. વળી પૂ. શ્રી પાસે જીવનોપયોગી કંઈક વાત પોતાના હસ્તાક્ષરોમાં લખાવી લેવાની ભાવનાથી તે બેને એક નોટબુક ધરી.

પૂ. શ્રીએ હસતાં હસતાં કહ્યું : મફત લખું છું ત્યાંસુધી લખાવી લો. પૂ. શ્રીએ લખી આપ્યું. વળી તે બેને પૂ. શ્રીને પૈસાનું એક કવર પણ આપ્યું. પૂ. શ્રીએ તે કવરનો અસ્વીકાર કર્યો. ત્યાંથી વિદાય થતાં તે બેને કહ્યું, 'ફરી આવો ત્યારે ભોજનનું ને રહેવાનું કરીને આવજો.' એમ કહી આમંત્રણ આપ્યું.

૨૫૦ માઈલના આ માર્ગમાં ડીવાઈન શહેર ૩૦ માઈલના અંતરે હાઈ–વે ઉપર જ આવતું હતું. ત્યાંથી ગાડી આગળ ચાલી. પાંચ વાગ્યે કોરપસ ક્રીસ્ટી નામના દરિયા કિનારેના વિસ્તારમાં આવી ગયાં. માર્ગમાં ખાસ સત્સંગ ન થયો.

આજે સવારે પૂ. શ્રીએ વાતમાં એક વાત કરી કે, 'મહાત્મા કોઈના નહીં. જેમ નદી કોઈની નહીં, જેમ વેશ્યા કોઈની નહીં, બાવા કોઈના નહીં, રાજકારણીઓ કોઈના નહીં!'

વળી સાંજે અહીં આવીને આરામ બાદ શ્રી ઈશ્વરભાઈ ને શ્રી ભગવાનજીભાઈ પૂ. શ્રી પાસે આવ્યા ત્યારે ધન ઉપર વાતો થતાં પૂ. શ્રીએ કહ્યું : જેની પાસે ધર્મ છે, જેની પાસે પરમાર્થનું ધન છે, તે સૌથી વધુ ધનવાન છે. અમે એવા મહાત્મા જોયેલા. અમદાવાદના જગન્નાથજીના મંદિરમાં. ગોદડી ઉપર તે સંત બેસી રહેતા ને મંદિરનો વહીવટ થતો. હજારો સાધુસંતો દરરોજ ભોજન લે. રેશનીંગ સમયે પણ તે કહેતા, અહીં તો ધરમનું રાજ્ય છે.

અમે પણ કલ્પવૃક્ષ નીચે બેઠા છીએ. એવા દિવસો પણ



જોયા જ્યારે દૂધ ને જોવાનું જ બનતું. પ્રભુ બતાવવા માંગતા હતા કે મુસીબતો કેવી હોય. માનવ અભાવની વચ્ચે પણ કેવી રીતે ખુમારીથી જીવે તે શીખવા મળ્યું. દેવપ્રયાગમાં અમે તપ કરતા ત્યારે ઘણી વાર મારવાડી ભક્તો કપડાં વહેંચવા આવતા. મારે મૌન હોય તેથી લખીને આપતો, 'જરૂર નથી.' ખૂબ આગ્રહ કરે તો લખતો, 'ખાદી જ પહેરું છું.' ત્યારે અયાચક વ્રત અને અભાવ છતાં તે લાગે નહીં. ખુમારી હતી. ત્યારે પણ ધર્મ તો કરતો જ.

અમે ઈંગ્લેન્ડમાં લેસ્ટરમાં હતા. હાર્ટ એટેક પછી દવાને લીધે ફીશર થયેલા. તેની અસર થોડી લેસ્ટરમાં જણાઈ. તો મેં 'મા'ને મંત્ર આપ્યો કે પાણીને બદલે દૂધ પીઓ. મા સર્વેશ્વરી તો એ મંત્ર જપતાં જ નથી. હું તો પાણીને બદલે દૂધના મંત્રનું પુરશ્ચરણ કરું છું.

આજે પ્રવચન સ્થળે જવાનું બન્યું. એક મોટી સોફા જેવી બેઠક બનાવી હતી. બેઠક બનાવનારને એમ હતું કે એક સોફા ઉપર જ પૂ. શ્રી ને સર્વેશ્વરી બેસશે. પણ સર્વેશ્વરીએ પ્રણામ કરી તેની પાસે નીચે જ બેઠાં.

પૂ. શ્રીએ તરત જ ઘરના સૌને કહ્યું, 'ત્યાગીને આપણે જુદી રીતે જોવા જોઈએ. તેમને એક ખુરશી અથવા એક અલગ આસન આપો.' સર્વેશ્વરીએ ઘણી વાર ના પાડી છતાં પૂ. શ્રીએ આસન મંગાવ્યું જ.

આજે પ્રવચનમાં પણ પૂ. શ્રીએ એ વાતને વણી લેતા કહ્યું કે, સર્વેશ્વરીના શરીરનું એ પૂજન નથી, એમના ગુણનું, એમના ત્યાગનું પૂજન કરવું એ સમાજનું કર્તવ્ય છે. ને કર્તવ્યનો ખ્યાલ ન હોય તો સંતોનું કર્તવ્ય છે કે સમાજને તે એ પ્રકારે દોરવણી

આપે.

આજે આખુયે પ્રવચન શરૂઆતમાં ઈશ્વરભાઈએ 'ભજો રે ભૈયા રામ–ગોવિંદ હરિ,' ગાયું, તેના ઉપર જ થયું. પ્રવચન બાદ પૂ. શ્રી ઉતારા ઉપર મોટલના રૂમ નંબર ચાર (૪) માં આવી ગયા. એ ઓરડામાં બે પલંગ વચ્ચે એક મોટો સોફા, ટેબલ, ખુરશી, ટી.વી., રસોડાનું ટેબલ ને બાથરૂમ હતો. આ મોટલ દરિયા કિનારે છે. ચારે તરફ પાણી ને વચ્ચે જમીનનો ટાપુ. તેના ઉપર આ મોટલ હતી. એટલે હવા એકંદરે ઠંડી હતી.

પૂ. શ્રી ઓરડામાં આવ્યા ત્યાં જ બે ભાઈઓએ પૂ. શ્રીના શ્રીચરણોમાં કવર અર્પણ કરી પ્રણામ કર્યા. ત્યાર બાદ પૂ. શ્રી સાથે સૌ ધ્યાનમાં બેઠા. અડધો કલાક ધ્યાનની બેઠક થઈ.

ત્યાર બાદ મમરા, દૂધનો હળવો અલ્પાહાર લીધો. ત્યાર બાદ પૂ. શ્રી પોતાના નિત્યકર્મમાંથી નિવૃત્ત થઈ આરામ કરવા-ની તૈયારી કરે છે, ત્યાં પૂ. શ્રીની નજર પેલાં કવરો પર પડી. પૂ. શ્રી તેને ખોલે છે. પછી બાથરૂમમાં જાય છે. હાથ ધોઈને બહાર આવે છે ને સર્વેશ્વરીને કહે છે, 'મેં શા માટે હાથ ધોયા?'

સર્વેશ્વરી : કવર આપનારના હાથ ગંદા હશે એટલે આપે હાથ ધોયા.

પૂ. શ્રી : ના જુઓ, વાત ઘણી નાની છે. પણ કેટલી બધી મહત્ત્વની છે. ઘણાં માણસોને એવી ટેવ હોય છે કે તેઓ કવર બંધ કરે ત્યારે પાણી કે ગુંદરને બદલે થૂંક લગાડે છે. એ થૂંકથી બંધ થયેલું કવર આપણા હાથે આપણે ખોલીએ એટલે આપણા હાથ ગંદા થાય તે આપણે ધોવા જોઈએ. મહાત્મા થયા એટલે કંઈ બાઘા રહેવાય છે? પૂર્ણતા જોઈએ. જીવન પૂર્ણ જોઈએ.



પછી પૂ. શ્રી આરામ માટે પથારીમાં સૂઈ જાય છે. સૂતા સૂતા કહેવા લાગ્યા, 'ક્યાં ક્યાં આવવાનું બને છે! જુઓને, ક્યાં જન્મ્યા, ક્યાં તપ્યા ને ક્યાં ફરવાનું બને છે!'

ઓરડામાં તાપ લાગે છે જેથી પંખાની સગવડ યજમાને કરી. પૂ. શ્રીને ઠંડી હવા મળે એ રીતે એમના પલંગ પાસે પંખો મૂકવાનું બન્યું. પૂ. શ્રી આરામ કરે છે. રાત્રિ દરમ્યાન પૂ. શ્રી જપ, ધ્યાન, પ્રાર્થના કરે છે. તે બેઠા બેઠા કરે અથવા ઓરડામાં આંટા મારતા મારતા પણ કરે. અથવા થોડી વાર સુતા સુતા પણ એ ક્રમ ચાલુ જ રહે છે. નિદ્રા ઉપર જાણે કે સંપૂર્ણ વિજય!

અમેરિકામાં આવ્યાને ૨૧ દિવસ થઈ પણ ગયા! કેલી-ફોર્નીયા, ન્યુ મેક્સીકો, ટેક્ષાસ રાજ્યમાં ફરવાનું બન્યું. હવે આવતી કાલે આરકેનસાસ રાજ્યમાં જવાનું બનશે. વિવિધ રાજ્યો, વિવિધ પ્રજા, વિવિધ વિચારો, વિવિધ ભાવ, વિવિધ શ્રદ્ધાભક્તિ જોવા મળે છે. પ્રભુ જ્યારે જ્યાં પણ લઈ જાય છે ત્યાં નવું નવું શીખવાનું મળે છે. યાત્રામાંથી વિવિધ અનુભવો-નું ભાથું બાંધી શકાય છે. હરિઃ ૐ (ક્રમશઃ)

ગુણાનુરાગી સ્વભાવવડે મનુષ્યમાત્રના ગુણ ઉપર દૃષ્ટિ રાખવી, ભૂલથી પણ કોઈના દોષ ઉપર દૃષ્ટિ ન જવા દેવી, તેમ કોઈના દોષોનું ચિંતન પણ ન કરવું. મન કોઈના દોષોનું ચિંતન કરવા લાગે છે ત્યારે પરમાત્મા તે મનમાં તિરોધાન પામી જાય છે.

**—નાથ ભગવાન્**

### આજના યુગમાં અવનીનું આશ્ચર્ય

# એટલે પૂ. 'મા સર્વેશ્વરી'

શ્રી રાજીવ જાની

ભારત અને સમસ્ત સંસારના ઈતિહાસમાં અનેક સંત મહાત્મા અને મહાપુરુષો થઇ ગયા. દરેક પોતાના કાર્યશ્રેત્રને વફાદાર રહી સૃષ્ટિના કલ્યાણાર્થે કાર્યરત રહી વિદાય થયા. આજે પણ જનહિતાર્થે જીવન જીવનારા મહાત્મા અથવા સંતોનાં દર્શન દુર્લભ છે, એવું નથી. આજના ભૌતિકવાદી.... ઘોર કલિયુગની અસર હેઠળ જીવી રહેલા સમાજને ઉર્ધ્વ તરફ ગતિ કરાવવાનું કાર્ય સહેલું તો ના જ ગણાય. એ ભગીરથ-કાર્યની પરંપરાને વધારે પ્રાણવાન ને સુદૃઢ બનાવવાની ઉદાત્ત ભાવના સેવી 'મહાત્મા યોગેશ્વરજી' એ પોતાના ઉષઃકાળમાં જ સાધનાના સુમેરુ શિખરો સર કરવા કમ્મર કસી.

વીસ વર્ષની નાની ઉંમરે હિમાલયના પુણ્ય પ્રદેશમાં રહી અનેક ઉપવાસોનો આધાર લઇ, કઠોર તપશ્ચર્યા અને પોકારો તથા પ્રાર્થનાના પરિપાકરૂપે 'મા' જગદંબાને! 'મા સર્વેશ્વરી'ના રૂપમાં પૃથ્વી પર પ્રગટાવ્યાં. એ પછી સમષ્ટિગત રીતે જન-સમુદાયનું જીવન ધોરણ ઊંચું લાવવાના પવિત્ર હેતુથી પ્રેરાઇને દેશ અને વિદેશમાં અનેક પ્રવચનો કર્યાં, તથા આધ્યાત્મિકતા અને માનવતાના આદર્શોને યથાર્થ રીતે સમજાવવાના પ્રયાસ-રૂપે અનેક ગ્રંથોની રચના કરી, ગુજરાતી સાહિત્ય ભંડારને વધારે સમૃદ્ધ કર્યો. અને છેવટે પોતાના આ કાર્યશ્રેત્રનો ભાર પૂ. 'મા'ને સોંપી અચાનક સ્થૂળ દેહેથી વિદાય લીધી!



પૂ. 'મા'ની કાર્યપ્રણાલી પૂ. 'શ્રી' કરતાં થોડી ભિન્ન જણાય છે. પૂ. 'મા' સમષ્ટિગત રીતે નહીં, પરંતુ વ્યક્તિગત રીતે દરેકના જીવનમાં પ્રવેશ પામી, તેમના જીવનને નવી દિશા આપી આત્મિક પ્રગતિ તરફ વાળે છે. પ્રેમના પાવન સ્પર્શે પોતાના તરફ આકર્ષે છે અને ધીરે ધીરે હૃદયમાં પોતાનું સ્થાન નક્કી કરી છેવટે સંપૂર્ણ હૃદયપ્રદેશમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપી દે છે.

એમના સંસર્ગમાં જે કોઇ પણ આવે એના ઉપર એ પ્રેમની એવી તો ભૂરકી નાંખી દે છે કે પછી એની અસરમાંથી મુક્ત થવું એના માટે મુશ્કેલ બની જાય છે.

મસ્તક ઉપર પ્રેમભીનો હાથ ફેરવી જીવન સફરના આ તીખા તાપને શીતળ ચાંદનીની લ્હેરાતી લ્હેરમાં પલટાવી દે છે.

પૂ. 'મા' પાસે, બાળકોને રમત જગતમાં ડૂબાડી દઇ, તેમની સામે અવનવા પ્રસાદોના ઢગ ખડકીને પોતાના કરી લેવાની કળા સારી રીતે હસ્તગત છે. તો યુવાનોને મૈત્રી, પ્રેમ અને હૂંફભર્યા વ્યવહારથી પવિત્રતા અને પુરુષાર્થના મૂલ્યોનું ભાન કરાવે છે.

વૃદ્ધોને આરોગ્ય તથા સાધનાની એકાગ્રતા અથવા મનને બાહ્ય જગતથી અલિપ્ત રાખવાની કળા જેવા વિષયોના રસપ્રદ સંવાદોદ્વારા એમનાં નિરસ જીવનમાં નવીન પ્રાણનો સંચાર કરે છે.

'મા' ફક્ત આધ્યાત્મિકતા અથવા ધાર્મિકતાના નિસ્તેજ કુંડાળામાં કેદ થઇને એકાકી જીવન જીવવાનો ઉપદેશ નથી આપતાં, પરંતુ માનવતાના મૂલ્યોને સમજીને નીતિ અને સત્યના મહત્ત્વને સમજાવી, સર્વાંગીણક્ષેત્રે વિકાસ સાધી

સુચારુરૂપે જીવનને માણવાનું અને એ રીતે ઈશ્વરની પ્રસન્નતા પામવાની ગુરુચાવી બતાવે છે.

ભારતના ભાવિનો નકશો જેના હાથમાં છે એવા બાળકો તથા યુવાનોના જીવનધોરણને ઉંચું લાવવાના ઉદ્દેશને લક્ષમાં રાખી એમના માટે અવનવા કાર્યક્રમો યોજે છે, એ પછી બાળકોની ફૂલવાડી હોય, યોગાસનો અને નાટ્યસ્પર્ધા હોય કે યજ્ઞોપવિત સંસ્કારથી વિભૂષિત કરવાનો પ્રસંગ હોય. એ રીતે બાળપણના દિવસો દરમ્યાન જ સંસ્કાર સિંચન અને નૈતિકતા-ના આદર્શોનું મહત્ત્વ સમજાવે છે, અને સ્મૃતિપટ પર અકબંધ રાખેલા શૈશવકાળના એ યાદગાર અને વિસ્મયકારક પ્રસંગો જીવનમાં આવતા અડચણરૂપી અસુરોને વીંધી વિજય લક્ષ તરફ આગેકૂચ કરવામાં સહાયભૂત બને છે.

યુવાનોની હાસ્યની છોળો અને નિર્દોષ આનંદની મહેફિલો એટલે 'મા'ના નિવાસ સ્થાનોમાંનું એક છે. છતાં શિસ્ત અને સંયમની ગરિમાના મહત્ત્વને સમજાવી જીવનમાં એના અમૂલ્ય સ્થાન વિષે સજાગ રાખે છે.

પોતાના સતત કાર્યરત તથા અધ્યાત્મપરાયણ જીવનમાં પણ આહાર અને આરામની ગુલામીની અનિવાર્યતાની બેડીને ફગાવી દીધી છે. નિર્જળા વ્રતના સંનિધિ સુખ સાથે અતિશય અલ્પમાત્રામાં લેવાતો ફળાહાર અને એથીયે અલ્પમાત્રામાં લેવાતો આરામ લગભગ નિદ્રાપર સંપૂર્ણ વિજય પ્રસ્થાપિત કર્યો હોવા છતાં, એમના શ્રી તનુમાં અનુભવાતો તરવરાટ, તાજગી અને સ્ફૂર્તિ અસામાન્યતાની સાક્ષી પૂરે છે. છતાં એ એમની લૌકિક શક્તિઓ પૂરતું જ સીમિત છે. એમની અ-લૌકિકતાની વાત કરીએ તો એ આપણા મનની દરેક વાત જાણે છે. અને



હજારો માઈલ દૂર હોવા છતાં આપણી અંદર રહેલા અનિષ્ટતત્ત્વને સ્મરણમાત્રથી જલાવી દે છે.

શ્રદ્ધાપૂર્વક કરેલી દરેક પ્રાર્થનાને સાંભળી પવિત્ર ચેષ્ટા અને પરોક્ષ સંવાદોદ્વારા પ્રત્યુત્તર આપવાની અનોખી કળા એમની દિવ્યતાની ચાડી ખાય છે.

એમનાં આશીર્વચનો મૃતઃપાય તથા નિસ્તેજ બની ગયેલા મનુષ્યજીવન માટે સંજીવનીનું કાર્ય કરે છે. એ પથ્થરને પણ પ્રેમસુધાવડે પારસમણિ બનાવી શકે છે. અને ઇચ્છે તો સંકલ્પ-માત્રથી નરને નારાયણ તથા પામરને પુરુષોત્તમ બનાવવાની સમર્થતા ધરાવે છે.

સમર્થતાના ઉચ્ચત્તમ શિખરે બિરાજમાન હોવા છતાં એમનામાં રહેલી નમ્રતા સાચે જ અચરજ પમાડે તેવી છે. હજારો ભક્તોના હૃદયમાં ગુરુ તથા ઈષ્ટનું સ્થાન પામ્યા છતાં નમવામાં ક્યારેય છોછ કે નાનપ નથી અનુભવતાં. પ્રેમ ને હૃદયની વિશાળતાથી દરેકને પોતાના કરી લેવાની કળા પર ભાર મૂકી દરેકને તેમાં નિપુણતા પ્રાપ્ત કરવાનો પદાર્થ પાઠ પોતાના જીવન તથા આચરણદ્વારા જ સમજાવે છે.

પ્રણામ એ નમ્રતાની જનેતા અને અહંભાવ દૂર કરવાનું ઔષધ છે. સૌની પ્રેરણાના પરબ સમાં 'મા પ્રભુ'ની પ્રસન્નતા પામવા નિત્ય પ્રાર્થના સાથે ૨૭૦ જેટલા પ્રણામની હારમાળા પ્રભુના ચરણે અર્પણ કરે છે અને એ રીતે એ પ્રણામલીલા સૌ માટે આરોગ્યપ્રદ તન સાથે મનને અહમ્શૂન્ય બનાવવાનો અક્સીર ઈલાજ બની રહે છે. એટલે જ તો પૂ. 'મા'ની પ્રસન્નતાનું મુખ્ય પરિબળ પણ આપણા નિત્ય નિયમિત રીતે થતા પ્રણામ જ હોય ને!

પૂ. 'મા' નિયમિત રીતે ડાયરીનું લેખન પણ કરે છે. એમની એ ભાવસભર સુંદર લખાણશૈલીને વાંચતા હૃદયમાં ભાવોર્મિઓ ઊઠે છે. જાણે પ્રેમના મહાસાગરને ડાયરીના પૃષ્ઠોમાં અકબંધ કરી દેવાયો ના હોય? સાહિત્ય રસિકોને મુગ્ધતામાં ચકચૂર કરી દેવાની ક્ષમતા એ પૃષ્ઠોમાં રહેલી છે. અને એ વાંચતી વખતે ઘડિયાળના કાંટાઓનું સહજ વિસ્મરણ થઇ જાય છે. યુવાન બહેનો એમાંથી નિત નવા પ્રેરણાનાં પીયૂષ ભરી જીવન સંગ્રામ માટે સજ્જ બને છે.

'મા'... આ એક અક્ષરીય શબ્દના અર્થને એમણે પોતાના જીવનદ્વારા વધુ પ્રાણવાન તથા મહિમાવંતો બનાવી નવીનતા ધરી છે.

મનુષ્યરૂપમાં દિવ્યતાનો અંચળો ઓઢીને 'મા' જગદંબા પોતે જ જાણે પૃથ્વીપર પ્રગટ થયાં છે એમાં જરાપણ અતિશ-યોક્તિ નથી એ હું મારા અનુભવના આધારે કહી શકું છું. શ્રદ્ધા અને સમર્પણદ્વારા એમની એ દિવ્યતાને માણવાનો પ્રયાસ નિષ્ફળ નહીં જ જાય એની મને ખાત્રી છે. શ્રદ્ધાથી સંપન્ન બનીને કરાતી પ્રાર્થના એ જરૂર સાંભળે છે.

'મા'નો પરિચય શબ્દોમાં આપવો એ નરી મૂર્ખતા જ ગણાશે ને એનાથી પણ વધારે, એમના મહિમાને થોડે ઘણે અંશે પણ જાણ્યા પછી એમનું શરણુ લેવામાં વિલંબ કરવો એ એથીયે વધારે મૂર્ખતાનું બીજું સોપાન લેખાશે. એમના આ આંશિક પરિચય આપતા શબ્દોને કંડારવાના કાર્યમાં પણ એમની જ કૃપા કારણભૂત બની છે, એમ કહું તો તે જરાય અતિશયોક્તિ નથી.

એ અસ્ખલિત વહેતી મમતાની સરિતામાં સ્નાન કરવાનું



સૌભાગ્ય પ્રાપ્ત કરવાનું સ્થાન એટલે 'સ્વર્ગારોહણ.'

એમના એ સ્થાયી સરનામા એવા 'સ્વર્ગારોહણ'ને એ સતત સત્કર્મો તથા સાત્ત્વિક પ્રવૃત્તિથી ધમધમતું રાખે છે, અને એમના આવા સતત કાર્યરત જીવન પ્રવાહને એમણે મૌનથી મઢેલો છે. છેલ્લા દસ વર્ષથી એમણે વાણી ને વિરામ આપી મૌનના મહિમાને વાચા આપી છે. એ જાણે છે કે મૌન એ પ્રભુનો ઉદ્‌ગાર છે. આપણી વાણીને નહીં પણ જીવનના સાત્ત્વિક કાર્યોને વાચા આપવી. એ વાત એ માને છે અને મનાવે છે.

આધિ, વ્યાધિ ને ઉપાધિનું ઔષધ એટલે 'મા'. તો દુઃખી-નો દિલાસો ને નિર્ધનનું ધન એટલે પણ મા....

એમના આ લૌકિક કાર્યોને પણ તટસ્થતાપૂર્વક નિહાળીને વિચારીશું તો એમની દિવ્યતા અપ્રગટ ના જ રહી શકે.

એમના એ જીવનોપદેશોમાંથી આપણે આપણી ક્ષમતા અને પાત્રતા પ્રમાણે જેટલું પણ લેવાય તેટલું ઉલેચી લઇએ ને આપણા જીવનને મઘમઘતું કરવાના મહાકાર્યમાં સહભાગી બનીએ.

ભૌતિક સુખની આળપંપાળ માટે જીવનને હતું ન હતું કરી દોડાદોડ કરે છે, તો આ આત્મિક સુખના દિવ્ય ભંડાર સમા 'મા સર્વેશ્વરી'ની સંનિધિ પામવા એક ડગલું તો ભરી જુઓ. આપણા હૃદયને પૂ. 'મા'નું સ્થાયી નિવાસસ્થાન બનાવવાના પ્રયત્નો આદરીએ. તો પછી જોશો કે જીવન સાફલ્ય અનુભવાય છે કે નહિ. હે મા, આપનાં શ્રી ચરણોમાં પ્રણામ, પ્રણામ, પ્રણામ.

# 'પ્રકાશના પંથે' : શીર્ષકનું ઔચિત્ય

પ્રો. તરલા દેસાઈ

'A title must be short but significant' અર્થાત્ શીર્ષક ટૂંકું પણ માર્મિક હોવું જોઇએ. વળી શીર્ષકમાંથી કૃતિ પ્રગટે અને કૃતિમાંથી શીર્ષક સ્ફુરી રહે એવો પરસ્પર સંબંધ બંને વચ્ચે હોવો જોઇએ. અને તો જ શીર્ષક કેવળ નામ ન બની રહેતાં, કૃતિનો પરિચય, કૃતિની સાચી ઓળખવિધિ કરાવનારો સજીવ અંશ બની જાય.

હિમાલય નિવાસી મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથાનું 'પ્રકાશના પંથે' શીર્ષક કેવું ઉચિત, અર્થવાહી, પ્રતીકાત્મક તેમ જ સાર્થક છે તે કૃતિના સંદર્ભમાં અવલોકવા પ્રયત્ન કરીએ.

પહેલાં તો આપણે 'પ્રકાશના પંથે'ને (અભિધાના સ્તરે) સમજવા કોશિશ કરીએ. 'પ્રકાશના પંથે' શબ્દોનો સીધો વિનિયોગ સૂચવે છે તેમ અહીં પથિકે પોતાની સ્થિતિ કે ગતિનો મહિમા કરવા ચાહ્યો નથી, 'પંથ'નો જ મહિમા, એનું માહાત્મ્ય પ્રકાશના રૂપકદ્વારા મૂર્ત કરવા ચાહ્યાં છે. તેથી આત્મકથામાં અહીં અહમ્ ઉભરાતું નથી, આત્મતત્ત્વ છલકાય છે. સહજ વિનમ્રતાનું ઐશ્વર્ય અનુભવાય છે. જાણે ફૂલ સુગંધનો મહિમા કરે, સાગર જળનો, કોડિયું જ્યોતનો. મહિમા કરે એમ!!

આ પ્રકાશ કોઇ સ્થૂળ દ્રવ્ય નથી એટલે કોઇનો એ ઇજારો નથી કે કોઇની અંગત માલિકી નથી. એટલે બંધ તિજોરીરૂપે નથી, ખુલ્લા પંથરૂપે છે. જે ચાહે એ ગતિ કરી શકે. સર્વને પ્રગટ નિમંત્રણ છે. આ પંથ કોઇનો અલાયદો દાવો સાંખતો



નથી. જેનાં ચરણ અહીં સ્થિત થાય, ગતિવંત થાય. ોને પંથ સહજ આવકારે.

છતાં 'પ્રકાશના પંથે' શીર્ષકમાં પથિકનો પરિશ્રમ ધ્વનિત છે, કેમ કે પ્રકાશ તો અંતિમ પરિણામ—છેવટની ઉપલબ્ધિ છે. અનેક તડકા—ભડકા—જ્વાળાઓમાંથી પસાર થયા બાદ પ્રકાશ સિદ્ધ થાય છે. ગરમી, દાહકતા જે સહી શકે તે જ પ્રકાશ પામી શકે. અંદરના પ્રજળતા અગ્નિનું જ પ્રકાશમાં પરિણમન થાય છે. એટલે 'પ્રકાશનો પંથ' ખરેખર તો 'અગ્નિપથ' છે. જેમાં ઇંધણરૂપે બધું જ હોમી દેવાનું છે. અહમ્ ભડકે બળે ત્યારે જ આત્મપ્રકાશ થાય. કવિ કહે છે ને?

'પ્રેમપંથ પાવકની જ્વાળા ભાળી પાછા ભાગે જોને,
હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને.'

એટલે 'પ્રકાશના પંથે' ગતિ કરવાનો વિચાર કરોડોમાં કોઇ યોગેશ્વરજી જેવા વિરલ મહાત્માને જ આવે છે. સર્વસ્વને હોડમાં મૂકી, અસ્તિત્વના અણુએ અણુને ખર્ચી નાખવાની શક્તિ, જીવનને પડકારમાં રૂપાંતરિત કરવાની ક્ષમતા (આકરા ઉપવાસ, કઠિન વ્રત, અખંડ જાગરણ, ધ્યાન, યોગ, સમાધિ જંગલોના સંકટ—અગવડો વેઠવાં, શરીર અને મનને ન ગણકારી કેવળ જગદંબાના આદેશને જ જીવવા, એ માટે જ શ્વાોસચ્છ્વાસ ટકાવવા આ બધું કેવળ ઈશ્વરના પરમ અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે.) આ માર્ગે કશું મેળવવાની તો વાત જ નથી, પણ જે કંઇ છે એ સમગ્રને લૂંટાવી દેવાનું અપ્રતિમ સાહસકર્મ છે.

'પ્રકાશનો પંથ' વસ્તુતઃ અગ્નિકુંડ છે, જેમાં બધું જ—જે કંઇ બહિર્ગત છે એ બધું હોમવાથી એના ભડકામાંથી જ ભીતરી—

અંતર્ગત પ્રકાશ સિદ્ધ થાય છે. એટલે જગત જેને 'પ્રકાશના પંથે' પુસ્તકરૂપે પામે છે એ હકીકતમાં 'એક પુણ્યાત્માનો ભીતરી ઉજાસ' છે. 'જે ચીલાચાલુ આત્મકથા નહિ, આત્મા—કથારૂપે' પ્રકાશિત કરવામાં આવી છે એટલે જ એ ઝળહળે છે!—તો આ છે **અભિધાનો અર્થ.**

હવે આવીએ આપણે **વ્યંજનાપર!** 'પ્રકાશ' એટલે 'અધ્યાત્મ— આત્માભિમુખ થવું તે.' અથવા પરમાત્માને પામવાની ઉત્કટ અભીપ્સા જે પંથ પર લઈ જાય તે 'પ્રકાશનો—પંથ.'

સંસાર અંધકારમય છે માટે આત્મા તરફ જવું એમ નિષેધભાવથી યોગેશ્વરજી પ્રેરાયા નથી.

પણ જડ વ્યવહારસ્તરે, નરી સપાટીએ. સામાન્ય સરેરાશ છીછરું જીવન, ઐહિક જીવન નથી જીવવું.

એક અંગ્રેજી જોડકણામાં કહ્યું છે તેમ, **'સોલોમન'**

'સોમવારે જન્મ્યો.

મંગળવારે નિશાળે ગયો.

બુધવારે નોકરીએ લાગ્યો.

ગુરુવારે પરણ્યો.

શુક્રવારે બાળકોનો પિતા બન્યો.

શનિવારે માંદો પડ્યો.

રવિવારે તેની જિંદગીનો ખેલ ખતમ થયો.'

એની જેમ મહામૂલું માનવજીવન 'જન્મ, શિક્ષણ, આજિ-વિકા, લગ્ન, માંદગી. મૃત્યુ'ની સામાન્ય સરેરાશ સપ્તપદીમાં શ્રી યોગેશ્વરજીને વીતાવવું નહોતું. કેમ કે, સોક્રેટિસની જેમ 'વાસ્તવિક સત્તાના ક્ષુદ્ર પરિવેશમાં નહિ, અખૂટ સંભાવનાના



પરિપ્રેક્ષ્યમાં પોતાના આત્માને મૂકી જોવો હતો.' 'પ્રભુપ્રાપ્તિનું ધ્યેય—લક્ષ્ય સાધવા દેહ—મનના અંધારામાં અટવાવાને બદલે પ્રકાશના પંથે રહેવા—ચાલવા—આગળ ને આગળ વધવા ચાહ્યું અને એની શરત તરીકે સાધના, કઠિન સાધનામય જીવન સ્વીકાર્યું.'

શ્રી યોગેશ્વરજીને ખબર હતી 'પ્રકાશનો પંથ' નથી ready made નથી એનો short cut. એ તો 'Long is the way and narrow is the gate' જેવો છે. નથી roses, roses all the way. નથી કોઈએ દીવાઓ પેટાવી રાખ્યા આ માર્ગે! જાતે જ કેડી કંડારતા જવાનું છે. અને 'આત્મદીપો ભવ'ની ભાવના હૃદયે રાખવાની છે.

'ન તત્ર સૂર્યો ભાતિ ન શશાંક; ન પાવક;' 'ઊંડા અંધારેથી પરમ તેજે નહિ' પણ 'આછા તેજમાંથી મહા તેજમાં વિવેકાનંદ જેને from lower truth to higher truth કહે છે.) સ્વયં જવાનું હતું.'

એટલે પ્રકાશનો પંથ જાતે સિદ્ધ કરતા જવાનું. (શ્રી રમણ મહર્ષિ કહે છે તેમ આત્મસાક્ષાત્કાર એટલે પ્રકાશમાં ભળી જવું નહિ, પ્રકાશ થઈ જવું.) તો આ પ્રકાશના પંથે પથિક પોતાના-પણું ઓગાળી, પંથના પ્રકાશ તરીકે એના પર્યાય તરીકે પ્રસરી ન જાય, વિસ્તરી ન જાય, જ્યાંસુધી એની આત્મચેતના પ્રભુ-ચેતના સાથે એકરૂપ ન થઈ જાય ત્યાંસુધી સાધના—યાત્રા ચાલુ રાખવાની. પરિણામે આ પંથ દુર્ગમ, અત્યંત કઠિન.

પણ પ્રયત્ન કરનાર, સતત મથનાર, તીવ્ર તલસાટ અનુભવનાર ('મા' સર્વેશ્વરી કહે છે તેમ, અગ્નિની જ્વાળાઓ વચ્ચે હોઈએ ને જે પોકાર ઊઠે એમ જે તલસે એ જ પ્રભુ-

પ્રકાશને પામીને જ રહે છે. પરમતત્ત્વ પ્રીછવું સુલભ નથી, પામવું અતિ મુશ્કેલ છતાં શક્ય છે.) આ સત્ય 'પ્રકાશના પંથે' શીર્ષકમાં ઝળકે છે. સરોડાના એક બ્રાહ્મણ જીવે એક–બે નહિ પૂરાં પચીસ વર્ષ આ સત્ય સિદ્ધ કરવા ખર્ચી કાઢ્યાં. પણ કઇ રીતે? શું કર્યું? કેવાં કેવાં વિઘ્નોનો સામનો કર્યો? કેટકેટલી કઠિન સાધનાપદ્ધતિઓ અજમાવી–પ્રાર્થના, સંતદર્શન, સ્વપ્ન-દર્શન, 'મા' જગદંબાનાં સૂચનો, યોગ, ધ્યાન, સમાધિ. આ બધાનો આધાર અપાર ધીરજ, અથાગ પરિશ્રમ, અત્યંત તીવ્ર લગન, દૃઢ મનોબળ, સ્થિર સંકલ્પ, ઉત્કટ ત્યાગવૃત્તિ, અભય, અતૂટ આત્મવિશ્વાસ, ઊંડી પ્રભુપ્રીતિ. આ સર્વ ગુણોથી ધારણ થઇ, શુભ પરિણામકારી નીવડ્યો. કહ્યું છે ને 'ઉપરથી તો પ્રકાશધારા વેગથી વહી આવે પણ એ ઝીલવા–ધારવા નીચેથી પણ પાત્રતા–ક્ષમતા પ્રગટવી જોઇએ.' અને તો જ ગતિ સંભવે.

'પ્રકાશના પંથે'માં એકનું પૂજ્ય શ્રી યોગેશ્વરજીનું જ આત્મકલ્યાણ સિદ્ધ નથી થયું. જગતકલ્યાણનો મંત્ર પણ એમાંથી જ પ્રગટ્યો છે. પૂજ્ય શ્રી યોગેશ્વરજી પ્રકાશના પંથે જીવનભર રહ્યા. પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી માટે 'પરમ પથદર્શક બની' એમના થકી જગતના જીવોના કલ્યાણનો પથ ખુલ્લો કરી ગયા છે. એટલે આજે 'મા' એ પ્રકાશના પંથનું મહિમ્નસ્તોત્ર ગાઇ–ગવડાવી રહ્યાં છે.

પ્રકાશનો આ પંથ અ–મરતાનો પંથ છે, શાશ્વતીની સફર છે. પ્રાકૃતતા–સ્થૂળતામાંથી છૂટી દિવ્યતા–સૂક્ષ્મતા તરફની દિશા છે.

આમ 'પ્રકાશના પંથે' શીર્ષક એકસાથે ઘણા બધા સૂક્ષ્મ અર્થસંકેતો સિદ્ધ કરી, કૃતિઉઘાડનું નિમિત્ત બની, આત્મકથા-



કાર પૂજ્ય શ્રી યોગેશ્વરજીના સમગ્ર શીલની, સમગ્ર ચેતનાની સુગંધ પ્રસારે છે.

સ્વામી બ્રહ્મરૂપાનંદ કહે છે તેમ, 'એક સંતપુરુષના અનુ-ભવોની અનોખી સંહિતાસમી આ આત્મકથા પરમ પ્રકાશના સાક્ષાત્કારના પવિત્ર પથનો પરિચય કરાવી, એ પંથના પ્રવાસ-ની પ્રેરણા આપે છે.' જે શીર્ષકમાં સૂચિત છે.

શ્રી યોગેશ્વરજી સામાન્ય નહિ, એક જ્યોતિર્ધર હતા. તેથી તેમનું જ્યોતિર્મય જીવન આ શીર્ષકરૂપે વ્યંજિત થાય છે.

'પ્રકાશના પંથે' એક નક્કર આધ્યાત્મિક આત્મ–ઇતિહાસ-ની છડી પોકારે છે. પૂજ્યશ્રી સ્વયં કહે છે તેમ 'એક નાના સરખા બાળકને પૂર્ણતા કે પ્રકાશને પંથે પ્રવાસ કરવાની પ્રેરણા થઇ. તેણે પ્રવાસ શરૂ કર્યો, એના અનુભવો, પરિણામ વગેરે-નો પ્રામાણિક ઇતિહાસ આમાં છે.'

પૂજ્યશ્રીએ સ્પષ્ટ કહ્યું છે 'હું યોગભ્રષ્ટ આત્મા નથી. હું તો ઈશ્વરનો એક સાધારણ બાળક છું અને એ રીતે જ રહેવાનું ને પ્રસિદ્ધ થવાનું પસંદ કરું છું.'

તેથી 'પ્રકાશના પંથે'નો જે નાયક છે તે અસાધારણ નહિ, સાધારણ જીવ છે. પણ અસાધારણ તપોબળે સિદ્ધ કરી રહે છે, પ્રકાશના પંથની ભાળ એકવાર મળી ગયા પછી એ સદા ત્યાં જ સ્થિત રહે છે.

પૂ. યોગેશ્વરજીનું ધ્યેય 'એકમેવ' 'પ્રભુપ્રાપ્તિ'ને જગદંબા-દર્શનની એક માત્ર અભીપ્સા! તે પામવા કહો કે જીવવા આડે–ઊભે જે કંઇ આવ્યું એને વધાવ્યું પણ યાત્રા અટકાવી નહિ.

એટલે એ ધ્યેય પૂર્ણ થતાં 'પ્રકાશના પંથે' પણ સમાપ્ત થાય છે. તેથી 'પ્રકાશના પંથે' **શીર્ષક** સમગ્ર કૃતિમાં સળંગ એવું

ઓતપ્રોત રહે છે, કે એમાં 'યાત્રી' શબ્દનું અધ્યાહારપણું પ્રકાશના પંથમાં સંપૂર્ણ એવું રૂપાંતર પામે છે કે, 'સૂચિત—સંભવિત પ્રકાશ હતો એ જ સ્વયં પ્રગટ, સ્ફુટ, સિદ્ધ થઈ જાય છે.' અર્થાત્ પરમ ચૈતન્યને પામી યોગેશ્વરજીનું ચૈતન્ય એવું કૃતાર્થ થઈ જાય છે કે, એમનું 'હું'પણું સંપૂર્ણ વિગલન પામે છે.

આ આત્મસાક્ષાત્કાર થયા પછી 'પ્રકાશના પંથે' આત્મકથા મૂક બની જાય છે પણ એ પ્રકાશનાં જ પ્રતિનિધિ સમાં પ્રવચનો, શિબિરો, દેશ—વિદેશની યાત્રાઓ બોલકી બની એમના સાત્ત્વિક તેમ જ ગુણાતીત સ્વરૂપને પ્રગટાવે છે, જે અનેકોની સાત્ત્વિકતાને પ્રકાશમાં આણે છે. પરિણામે **કૃતિસમાપન પછી પણ જાણે શીર્ષકનું સંગીત છાનું રેલાયા કરે છે.**

પોતે દીવાદાંડી બની જઈ, પૂ. 'મા' સર્વેશ્વરીને સર્ચલાઈટ સ્વરૂપે જગતને ધરી, જાણે પ્રકાશના પંથે પૂજ્યશ્રીની સૂક્ષ્મ-ચેતના આજે પણ પ્રકાશ પાથરતી, અજવાળું પ્રસારતી આપણ સર્વને નિમંત્રતી કહી રહી છે : 'વિકટ પ્રકાશયાત્રા સદા' પણ કરવા જેવી આ એક જ યાત્રા છે. આ પ્રકાશનો પંથ જ પ્રત્યેક આત્માની મંઝિલ બનવા સક્ષમ છે.

આમ 'પ્રકાશના પંથે' શીર્ષક જેટલો કૃતિના મસ્તકે મુગટ-મણિની જેમ પ્રકાશે છે તેટલો જ કૃતિની બહાર પણ જીવનમર્મ ઝગમગાવતું પ્રકાશે છે. તેથી શીર્ષક ઔચિત્યસભર અને સાર્થક **કૃતિ માટે જ નહિ, ચેતનાવિસ્તાર ચાહતા દરેક અધ્યાત્મપ્રિય જીવ માટે સાર્થ બની રહે છે.**

'પ્રકાશના પંથ'ને આપણા રોજિંદા જીવનપંથ સાથે શો સંબંધ? કહી વ્યવહારડાહ્યા લોકો આમાં પડતા નથી. પણ, આ તો—



'માંહી પડ્યા તે મહાસુખ માણે.'

એટલે જ મૈત્રેયી ઉચ્ચારી બેસે છે :

'જેનાવડે અ—મૃત ન મળવાનું હોય એ લઈને હું શું કરું?'

એટલે જ નચિકેતાએ યમને કહ્યું :

'હું તો અમૃત સંતાન છું મને તમે મૃત્યુનું રહસ્ય કહો.'

એટલે જ **વિવેકાનંદે** શ્રી રામકૃષ્ણને કહ્યું :

'જેનાથી પ્રભુપ્રાપ્તિ ન થવાની હોય એ સિદ્ધિઓને લઈ હું શું કરું?'

એટલે જ **સોક્રેટિસે** કહ્યું :

'કોઈ મોરચા—સરઘસમાં ન જોડાવ પણ પોતાના મોરચા પર સજ્જ થઈને લડાય એટલું લડો.' એટલે આ સર્વ ઉદ્ગારો 'પ્રકાશના પંથે'ના જ જાણે પ્રતિઘોષો—પડઘા પણ છે. 'પ્રકાશના પંથે' શીર્ષક તો સિદ્ધ કરે છે કે, 'પ્રકાશમાર્ગે ચાલવાનો અધિકાર કોઈ ભણતર, ધનસંપત્તિ કે કુળમાંથી નથી આવતો તે તો સરળ, અકબંધ, અનન્ય પ્રભુપ્રેમમાંથી જ આવે છે.'

ભૌતિક બાહ્ય સંજોગોને અધીન નહિ પણ પોતે નક્કી કરેલ ધ્યેયને વફાદાર રહી જે જીવે એ 'પ્રકાશનો પંથ' નહિ હોય તો ય, એના પંથે પ્રકાશ આવી જશે.

પૂજ્યશ્રીએ 'પ્રકાશના પંથે' શીર્ષક ચરણે ધરેલી આત્મકથા પ્રત્યેક ભાવિકના જીવનપંથનો પ્રકાશ બનવા સક્ષમ છે. આ 'પ્રકાશના પંથે' શીર્ષકમાંથી જાણે ટાગોરનું એક ગીત સ્રવી રહ્યું છે :

'મન! ચલો નિજ નિકેતને,<br>
સંસાર વિદેશે, વિદેશીને વેશે.<br>
ભમો કેમ અકારણે—'

આ શીર્ષક ફરી—ફરીને આપણને કહી રહ્યું છે :

જીવનને 'ધૂમાડો' કરી દેવું કે પ્રકાશમાં રૂપાંતરિત કરી દેવું એ માણસના જ હાથમાં છે. એ શીર્ષક પોકારી—પોકારીને કહી રહ્યું છે :

તમારી અંદર એક અગ્નિ છે એને બૂઝાવા ન દેતા, એને કશું સળગાવી—ભસ્મસાત્ કરનારી વિનાશક અગનજ્વાળાનું રૂપ ન લેવા દેતા; એમાંથી પ્રકાશનો પંથ પ્રગટ થવા દેજો. એને માટે અથાગ પરિશ્રમ કરવો પડે તો કરજો. કેમ કે પ્રમાદી વ્યક્તિની પ્રાર્થના સાંભળવા પ્રભુ પાસે સમય નથી. પુરુષાર્થી-ની પ્રાર્થના પ્રભુ પલકવારમાં સાંભળે છે.

સસ્તી બ્રાટાએ : My God died young સંત ઓગન્સ્ટાઈન 'Confessions.'

સિટવેલ : Left hand, right hand.

ગાંધીજીની આત્મકથાને **'સત્યના પ્રયોગો'**ની સમાંતરે 'પ્રકાશના પંથે' મૂકી શકાય એમ છે કારણ કે બંનેના **ઉદ્દેશ્ય એક** જ છે.

ગાંધીજીએ કહ્યું : આ મારા **આધ્યાત્મિક પ્રયોગો** છે. જેની હું ૩૦ વર્ષથી ઝંખના કરી રહ્યો છું એ તો આત્મદર્શન—ઈશ્વર—સાક્ષાત્કાર—મોક્ષ છે. મારું ચલનવલન બધું એ દૃષ્ટિએ જ થાય છે.' જે એકને સારુ શક્ય છે તે બધાને સારુ શક્ય છે. માત્ર તત્ત્વોનું વર્ણન નહિ, એના પર રચાયેલાં કર્મોનો—જીવાયેલા પ્રભુમય જીવનનો ઈતિહાસ આપવાનો છે.

સત્ય મને જડ્યું છે એવો દાવો નથી પણ હું સત્યનો શોધક છું. એ શોધવાને અર્થે સર્વસ્વનો ત્યાગ કરવા તૈયાર છું. એ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને હોમવાની તૈયારી છે અને શક્તિ પણ છે. માર્ગ ખાંડાની ધાર જેવો છતાં સહેલો કારણ કે પ્રિય છે.



મારા શ્વાસોચ્છ્વાસના સ્વામીથી હું દૂર છું, એ દૂરતા મને સાલે છે, નિકટ જવા મથું છું. બહુ આશ્ચર્યજનક રીતે 'સત્યના પ્રયોગો' અને 'પ્રકાશના પંથે' સહોદર આત્મકથાઓ લાગે છે. પણ બંનેના આલેખનારા મહાત્મા—સાચા અધ્યાત્મમાર્ગી સમગ્ર માનવજાતનું કલ્યાણ વાંચ્છનારા હતાં. એટલે બે મહાચૈતન્યોનું અંતરતમ સત્ય એકસરખું વાણીરૂપ—ઉચ્ચારણરૂપ પામે એમાં શું આશ્ચર્ય!!! રાષ્ટ્રપતિ અબ્દુલ કલામની 'Wings of Fire' શીર્ષક પણ 'પ્રકાશના પંથે' શીર્ષકની પંગતમાં બેસે એવું છે. એમાં એ કહે છે : We all are born with a 'Divine Fire in us.' Our efforts should be to give wings to this fire and fill the world with the glow of its 'Light' આપણો જન્મ દિવ્ય અગ્નિ સાથે થયો છે. એથી આપણા પ્રયત્નો એ અગ્નિને ત્યાં સુધી પ્રજ્વલિત રાખવાનો જ્યાંસુધી તે તેની આભા ને તેજથી દુનિયાને ભરી ન દે.

તા. ક. નોંધ : 'પ્રકાશના પંથે'ને 'વિવેક ચૂડામણિ' નામ પણ આપી શકાય કારણ કે પૂજ્ય શ્રી યોગેશ્વરજીના મસ્તક પર આ નિત્ય—અનિત્ય વસ્તુઓ વચ્ચેના ભેદની સમ્યક્, પાકી, સંપૂર્ણ સમજરૂપી મણિ હોવાથી એના પ્રકાશવડે 'આત્મ-સાક્ષાત્કાર'નો 'મોક્ષપ્રાપ્તિનો માર્ગ' સદા ઝળાંહળાં ઝગમગતો બની રહે છે.

(હા, શંકરાચાર્યના કોપીરાઈટનો ભંગ ન થાય તો!)

પરિણામે 'શ્રી યોગેશ્વરજી રચિત' આત્મકથાનું શીર્ષક 'પ્રકાશ-ના પંથે' ઘણી બધી રીતે સૂચક, માર્મિક, અર્થપૂર્ણ, ઔચિત્ય-

સભર અને સાર્થક બની રહે છે. કૃતિઉઘાડનું અનુપમ દ્વાર બની રહે છે.

આ પ્રકાશ નથી આગિયાનો, નથી તારાનો, નથી ચન્દ્રનો, નથી એક સૂર્યનો, કોટિ કોટિ સૂર્યો સમાવતો આ પ્રકાશ છે, એ અંતરાત્માનો પ્રકાશ છે જે પરમાત્માના પ્રકાશમાં ભળી સ્વયં પ્રકાશરૂપ બની જઇ, યુગોસુધી જગતને અજવાળવા સક્ષમ છે. એ પંથે સતત ગતિમાન રહી પૂજ્યશ્રી યોગેશ્વરજીએ આ આત્મ-કથાસ્વરૂપ આપણી સમક્ષ ધર્યું છે અને એને 'પ્રકાશના પંથે' શીર્ષક અર્પી કૃતિ અને શીર્ષક વચ્ચે એવો સહજ સુંદર નાતો સ્થાપી દીધો છે જાણે શ્રીકૃષ્ણને મસ્તકે સોહતો મણિમુકુટ! તો આ પૂજ્યશ્રી યોગેશ્વરજીરચિત 'પ્રકાશના પંથે'નાં તેજકિરણો આપણા સર્વના જીવનમાં પ્રસરે એવી પ્રાર્થના સાથે વિરમું.

પૂજ્યશ્રીને અગનની લગન લાગી અને પ્રકાશ પ્રાપ્ત કર્યો આપણે આપણામાં પ્રભુલગનની અગન પ્રગટાવીએ અને પ્રકાશના પંથે ગતિ કરીએ તો એમનો ઉદ્દેશ સફળ થાય અને આપણે એનું પ્રકાશન પર્વ ઊજવવા સાચા અધિકારી બનીએ.



# Unexpected experience of Pujya Maa's grace

**Hitesh Lad., Toranto**

Jai Krupalu Maa.

I bow down to Yogeshwar Bhagwan!

I bow down to Pujya Maa Sarveshwari, Divine Mother of the universe!

I bow to Shri Shirdi Sai Baba!

Maa, I wanted to tell you my 2nd experience after I had come back from the Panama Yatra. It happened on October 10,2005 during Navratri. I was working late at the office at the time.

One of my employees came to me around midnight and advised me that I had left my car lights on. I thanked him and quickly went back to my car. I had left my car lights on for about 4 hours.

I tried to start my car, but no such luck. The battery was dead. I did not have any jumper cables. Nor was I a member of CAA, the automobile insurance company that handles emergency type situations like this. I was angry at myself for 2 reasons. First. for leaving the lights on, and second, for not leaving a cable in the trunk of my car for these types of situations.

I walked back to the office. It was a huge

complex, but this late at night, there were only around 15–20 people left. As I entered back into the office, I started asking whomever I met if they had any cables. No such luck. Everyone said no. I covered most of the office. Only one or two sections were left. Things were beginning to look hopeless. Of course, it was not the end of the world, but a major inconvenience. At worst I would have to take a taxi home and come back the next day with a jumper cable with somebody else.

It's amazing. Sometimes, in crisis situa-tions, we completely forget to pray to God for help and guidance. We just naturally try to start to resolve the situation immediately without asking for Divine guidance. I have read countless spiritual books that urge one to always pray and ask for Divine guidance before undertaking ***any task, no matter how trivial.*** But oh, who can remember to pray all the time?

It was at this time that I was suddenly once again reminded of the prayer you taught everyone in Panama.

> "Mara, badha karyo ma,
> tamari madad magoo chu.
> Tamaro, diyva athe prahar
> ashiravad magoo chu."

I already had one amazing experience with



this prayer. I had learned my lesson. I did not hesitate to pray this time around. I silently started saying this prayer before asking the remaining few people in the office if they had a jumper cable.

One individual who used to report to me was just leaving. His sister was waiting to pick him up outside and he told me not to worry as he was 100% sure that his sister had a spare jumper cable in her car.

Things were starting to look up. I felt relieved as I was running out of people to ask. It was very late at night. In fact, it was well past midnight.

The office is situated on a huge complex. There are about 7 entrances to the office, each in completely different locations. Any employee can leave by any entrance they wish to. I started following the individual. His sister was already there, waiting by one such entrance. He opened the trunk of her car and started to look for the cable. After a few minutes he looked at me and said, "I'm really sorry. I thought there was a cable in here. But I guess I was totally wrong. I am terribly sorry. I had made you come out all the way here for nothing."

Oh well I thought. That's karma for you. It was just not in my luck today. Then suddenly he said, "Wait! Look over there!"

Across the parking lot, about 50 meters away from us, someone was helping give a boost to someone else at that exact moment! Incredible!

We both ran to the spot and asked the gentleman, who was just about to leave, if we could borrow his cable for 5 minutes. He agreed and handed the cable to both of us. We went back to my car and we gave the battery a boost. In no time my car was up and running. I returned the cable to the gentlemen and thanked him and to the stars.

Someone may say that this was purely a coincidence. That it is nothing to marvel at.

Whatever the case may be, clearly it was a miracle in my life. Perhaps a small miracle. But another instance where I was once again reminded about the power of prayer and how simply asking for divine guidance can help us in our lives in even the most trivial affairs.

Another wonderful experience Maa and I have no one but you to Thank!

Thank you Maa, for guiding and looking after us!



Thank you Maa, for encouraging us to recite this wonderful prarthna!

Thank you Yogeshwar Bhagwan, for creating this powerful prarthna!

Jai Krupalu Maa!

○

જીવનમાં પરમાત્માની પધરામણી કરવા માગનારા માનવોએ સૌથી પહેલાં તે માટેની ભૂમિકા તૈયારકરવાની છે. ભૂમિકા તૈયાર થઇ જશે એટલે આગળનું કામ આપોઆપ થઇ રહેશે. આ ભૂમિકા એ છે કે સાધકના હૃદયમાં ઈશ્વર સિવાય કોઇ લૌકિક કે પારલૌકિક પદાર્થની કામના રહેવી ના જોઇએ.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૮૨૪૭૦૪૦૯૭

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

પૂ. માની કૃપાથી

# કારની બેટરી ચાર્જ થઇ

–હિતેશ લાડ, ટોરન્ટો
અનુવાદ : ડૉ. બી. જે. જાગાણી

જય કૃપાળુ મા,

યોગેશ્વર પ્રભુના ચરણોમાં પ્રણામ,

મા સર્વેશ્વરી–વિશ્વની દિવ્ય માતાના ચરણોમાં પ્રણામ,

શ્રી શિરડી સાઇબાબાના ચરણોમાં પ્રણામ.

મા! પનામા યાત્રાએથી આવ્યા પછી મને આપની કૃપાનો બીજો અનુભવ થયો છે. આ અનુભવ નવરાત્રી દરમિયાન ૧૦ મી ઓક્ટોબર–૨૦૦૫ ના રોજ થયો. અનુભવ વખતે હું મોડે સુધી ઓફિસમાં કામ કરતો હતો.

મારો એક કર્મચારી મધ્યરાત્રીએ મારી પાસે આવ્યો અને કહ્યું કે તમારી કારની લાઇટો ચાલુ છે. મેં એનો આભાર માન્યો ને મારી કાર પાસે હું ફરી ગયો. ચાર કલાક સુધી કારની લાઇટ ચાલુ રહી હતી.

કાર શરૂ કરવા પ્રયત્ન કર્યો પણ દુર્ભાગ્ય હતું. બેટરી ઉતરી ગઇ હતી. મારી પાસે જંપીંગ કેબલ ન હતો. હું સી.એ.એ. (કટોકટીના સમયે સેવાઓ આપતી ઓટોમોબાઇલ ઇન્સ્યોરંસ કંપની)નો સભ્ય પણ ન હતો. મારા પર હું બે કારણે ગુસ્સે થયો. પ્રથમ એ કે લાઇટ ચાલુ રાખી ને બીજું એ કે કટોકટીની સેવામાં ઉપયોગી એવો જંપીંગ કેબલ પણ મારી કારમાં નહોતો રાખ્યો.



હું ઓફિસમાં પાછો આવ્યો. ઓફિસનું સંકુલ ઘણું મોટું છે. મોડી રાત્રે તેમાં ૧૫–૨૦ કર્મચારીઓ જ હતા. જેવો હું ઓફિસમાં દાખલ થયો કે તરત જ હું જેને જેને મળ્યો તેને તેને પૂછ્યું કે જંપીંગ કેબલ છે? પણ કમનસીબે દરેકે ના કહી. આખીય ઓફિસમાં મોટાભાગનાને પૂછી લીધું. એક કે બે વિભાગના કર્મચારીઓને પૂછ્યું નહીં. નિરાશાએ ઘેરી લીધો. આશા એ હતી કે અગવડ ઘણી છે પણ દુનિયા વિશાળ છે. બહુ બહુ તો મારે ટેક્સી કરીને ઘેર જવું પડશે ને ઘેરથી જંપીંગ કેબલ અને બીજા માણસને લઇ બીજા દિવસે આવવું પડશે.

નવાઇની વાત તો એ છે કે કટોકટીના સમયમાં પ્રભુની પાસે મદદ માગવાનું ને માર્ગદર્શન માટે પ્રાર્થના કરવાનું સંપૂર્ણપણે ભૂલાઇ જાય છે. પ્રભુની દિવ્ય મદદ માગવાને બદલે આપણે કુદરતી રીતે જ તાત્કાલિક પ્રશ્નના ઉકેલમાં લાગી જઇએ છીએ. ગમે તેટલું અઘરું કાર્ય શરૂ કરતાં પહેલાં પ્રભુની દિવ્ય મદદ મેળવવા પ્રાર્થના કરવી જોઇએ, એવું મેં વાંચેલા આધ્યાત્મિક અસંખ્ય પુસ્તકોમાં આવે છે. પણ અરે! કોણ એનો કાયમ અમલ કરી શકે?

હે મા! પનામામાં દરેકને આપે શીખવેલી પ્રાર્થના એકાએક મને યાદ આવી. ''મારા બધા કાર્યોમાં તમારી મદદ માગું છું. તમારો દિવ્ય આઠે પ્રહર આશીર્વાદ માગું છું.''

એક વખત તો આ પ્રાર્થનાનો આશ્ચર્યકારક અનુભવ મને અગાઉ થઇ ચૂક્યો છે. હું પદાર્થ પાઠ શીખી ગયો છું. આ વખતે આ પ્રાર્થના કરવા માટે હું સહેજેય ખચકાયો નહીં. મનોમન એ પ્રાર્થના કરવા લાગ્યો અને ઓફિસમાં બાકીના કર્મચારીઓને કેબલ અંગે પૂછવા લાગ્યો. એક કર્મચારી મને

રોજ છૂટતા પહેલાં મળતો તે ઓફિસેથી જવાની તૈયારીમાં હતો. તે કર્મચારીની બહેન તેને તેડવા માટે બહાર રાહ જોતી હતી. તેની કારમાં સોએ સો ટકા આ કેબલ છે. તેમ તેણે કહ્યું.

ઉકેલ મળી ગયો. હાશ! વધુ લોકોને પૂછવાની બાબતમાંથી છૂટકારો મળ્યો. મોડી મધ્યરાત્રીનો આ સમય હતો.

ઓફિસનું સંકુલ મોટું હતું. જુદી–જુદી જગ્યાએથી ઓફિસમાં દાખલ થવા માટે સાત દરવાજાઓ હતા. કોઇ પણ કર્મચારી પોતાની ઇચ્છા મુજબના દરવાજેથી બહાર જઇ શકે. હું મને મળવા આવેલા પેલા કર્મચારીની પાછળ પાછળ ગયો. તેની બહેન ત્યાં જ હતી. તેણી તે દરવાજે રાહ જોતી હતી. તેણીની કારમાં કેબલ શોધવા લાગ્યો. થોડી ક્ષણો પછી તેણે મને કહ્યું ''અફસોસની વાત એ છે કે કારમાં કેબલ નથી. મને એમ હતું કે કારમાં કેબલ છે. પણ હું ખોટો પડ્યો. મને ખૂબ અફસોસ થાય છે. મારે કારણે તમારે બહાર અહીં સુધી આવવું પડ્યું ને કેબલ મળ્યો નહીં.''

મેં વિચાર કર્યો કે કેબલ મારા ભાગ્યમાં નથી પણ તે શોધવાનું કર્મ મારા ભાગ્યમાં હતું. એટલામાં તો તેણે કહ્યું. ''થોભો! સામે જુઓ!'' એ જ ક્ષણે અમારાથી ૫૦ મીટર દૂર પાર્કિંગના સ્થાનમાં કેટલાંક લોકો બીજાને કેબલવડે બેટરી બુસ્ટ કરવાની મદદ કરી રહ્યા હતા.

અમે બંને ત્યાં ગયા ને તેને મળ્યા અને વિનંતી કરી કે પાંચ મિનિટ માટે જંપીંગ કેબલ આપો. તે ભાઇ કેબલ આપવા સંમત થયા. મારી કાર પાસે અમે ગયા. બેટરી બુસ્ટ કરી. થોડા સમયમાં જ મારી કાર શરૂ થઇ. તે ભાઇને જંપીંગ કેબલ સાભાર પાછો આપ્યો.



આ ઘટનાને કોઇ કહેશે કે આવું બનવું તે સાંયોગિક છે. તેમાં કંઇ નવાઇની વાત નથી. જે હોય તે, પણ મારા માટે તે ચમત્કાર હતો. ભલે, નાનો હતો. બીજી વખતનો આ અનુભવ હતો કે પ્રભુની દિવ્ય મદદ માગવાની પ્રાર્થનાની શક્તિ કેવી અજબ છે. આ શક્તિ કસોટીઓમાંથી ઉગારે છે. બીજા અનુભવ માટે હે મા! આપનો ખૂબ ખૂબ આભાર.

હે મા! અમને રાહ ચીંધવા ને રક્ષવા માટે આભાર.

હે મા! આવી અદ્ભુત પ્રાર્થના ગાવા પ્રેરણા કરવા બદલ આભાર.

હે યોગેશ્વર ભગવાન! આવી શક્તિશાળી પ્રાર્થના સર્જવા બદલ આભાર.

જય કૃપાળુ મા.

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# સમંદરને પેલે પાર

મા સર્વેશ્વરી

### ન્યુઝીલેન્ડ દેશ ઓકલેન્ડથી ક્રાઇસ્ટચર્ચ
### ઋણમુક્તિનું પર્વ, દિવસ–૨, તા. ૯–૫–૦૫

પ્રભાત પ્રગટતાં જ નવો દેશ, નવી ધરતી. ન્યુઝીલેન્ડ એક ટાપુ છે. ચારે બાજુ દરિયો છે. નાનકડો દેશ છે.

અહીંની માઉલી પ્રજા ઉપર અંગ્રેજ સલ્તનતે શાસનનો કોરડો વીંઝ્યો હતો, જેથી બધું જ અંગ્રેજ પ્રજાની નાની આવૃત્તિ જેવું લાગે.

મિજાજ પણ એવો જ અંગ્રેજો જેવો. નિયમો પણ એવા જ.

એ તો ઉતરતાં જ અનુભવ થઇ ગયો. ઓકલેન્ડનું અહીં એરપોર્ટ તો ઇન્ટરનેશનલ હતું.

આપણે તો સ્થાનિક હવાઇમથક ઉપર જવાનું છે. પેલી ગાઇડબેન અમને બહાર જે બસ ઊભી હતી તેમાં દોરી ગઇ. જેવા બસમાં ૧૭+૧ પ્રભુએ જગ્યા લીધી કે નવમંત્રગાન અને રક્ષમામ્‌ની ધૂન પ્રારંભ પામી.

ન્યુઝીલેન્ડની ધરતી ઉપર હરિસ્મરણથી પગલાં પાડ્યાં. ૧૦ મિનિટમાં તો લોકલ એરપોર્ટ આવી ગયું. અહીં ૧ કલાક વિશ્રામ હતો.

અહીં સીડની સુધીના ગાઇડ શ્રી હિમાંશુભાઇ ઝાલા મળે છે.

ટ્રાવેલ એજન્ટે જાણે પોતાના પાત્રોને સેવામાં હાજર કરી દીધાં છે.



જેમ ભક્તોની સેવામાં ભગવાન પોતાના પાર્ષદોને ખડેપગે હાજર કરે તેમ.

આ પ્લેન ઓકલેન્ડથી ૧॥ કલાક ઉડશે. ને દક્ષિણમાં ક્રાઇસ્ટ ચર્ચ નામના શહેરમાં ઉતારશે.

પ્લેન અવકાશમાં દોડતું રહ્યું ને ન્યુઝીલેન્ડની પ્રકૃતિનું રમણીય દર્શન પણ પ્રારંભ પામ્યું. હિમાચ્છાદિત નાની નાની પર્વતમાળાને સાથે હરિયાળી વનરાજી પણ સતત દર્શન આપી રહી હતી. પર્વતમાળા ઉપર જાણે કોઇક ધૂળિયારંગની સુંદર ચાદર પાથરીને જાણે શ્રી પ્રભુના આગમનની પ્રતીક્ષા કોઇક કરી રહ્યું હતું. જાણે શ્રી હરિ પ્રગટશે ને એ પર્વતમાળા ઉપર પોતાનાં પુનિત પગલાં પાડશે, એવું માને સતત લાગતું હતું.

જાણે પર્વતમાળાની એ ધરતી કોડીલી કન્યા જેવી સ્વચ્છ ને પ્રતીક્ષાની આતુરતાથી સજ્જ હતી.

ભક્ત સાધકે પણ એવા જ સ્વચ્છ થઇને પ્રભુની પ્રતીક્ષા સતત કરવાની શીખ એ પર્વતમાળા ધરતી હતી. મા તો અવકાશમાંથી એ શીખને ઝીલી રહ્યાં હતાં.

દોઢ કલાક તો જાણે સહજ રીતે વીતી ગયો. માર્ગમાં એર-પોર્ટ ઉપર પ્લેનમાં સતત મંત્રજપ થયા છે. કુલ ૬૩૬ માળા થઇ.

એટલે તા. ૭ મીની ૧૫૧/– તા. ૮ મીની ૧૫૧/– અને તા. ૯ મીની ૩૩૩ થઇ એવું માએ ગણિત માંડ્યું ને ડાયરીમાં નોંધ કરી.

ક્રાઇસ્ટ ચર્ચ નામનું આ શહેર. પવિત્ર નામ. ઇસુના નામથી સંકળાયેલું પ્રભુનું મંદિર કેવું સરસ નામ છે!

ભારતમાં જેમ રામેશ્વર, તિરૂપતિ, સોમનાથ, જગન્નાથજી તે રીતે જાણે ન્યુઝીલેન્ડ ઈસુનું મંદિર.

નામ ક્રાઈસ્ટ ચર્ચ છે. નામ પાડનાર કોઈક ધાર્મિક હશે. આ સ્થળને ઈસુનું મંદિર માનીને ઉતરવામાં શું વાંધો?

નામનું આ તીર્થ. આપણી યાત્રાનું એ અંતિમ વિશ્રામસ્થળ હતું. નામ યાત્રા છે. તો વિશ્રામ પણ હરિનામના મંદિરમાં જ થયો ગણાય ને!

નામ ક્રાઈસ્ટ ચર્ચ છે પણ અમારો ઉતારો તો RUDGES નામની મોટલમાં છે.

એ મોટલ વોરચેસ્ટર સ્ટ્રીટ ઉપર આવી છે. આગળ પાછળ સુંદર નદી જેવું છે. પાનખર ઋતુ છે. એથી ધરતી માતાએ પોતાના દેહને લાલપીળા પર્ણથી સજાવી લીધો છે.

શાંતિ છે. એરપોર્ટથી આવતાં બે સ્થળો ભક્ત મંડળીએ જોઈ લીધાં, જેમાં એક કોઈ ધનાઢ્ય વ્યક્તિનું ઘર ને બાગ જે સરકારને અર્પણ કર્યું છે. તે જગ્યા અને બીજી એક ટેકરી હતી. જેના ઉપરથી આખું ક્રાઈસ્ટ ચર્ચ શહેર દેખાતું હતું.

મા નથી ઉતર્યાં. જરૂરી ના લાગ્યું. એરપોર્ટથી આવતાં એક ટપાલી જોવા મળ્યો, જે ત્રણ વ્હીલની નીચી સાઈકલ ઉપર ઘેર ઘેર ટપાલો વહેંચતો હતો.

ભારતના કોઈ ગામની એ ટપાલ પદ્ધતિનું સ્મરણ કરાવતું ગયું.

માર્ગમાંથી શ્રી વિનોદભાઈ અને શ્રી ભગવાનજીભાઈ એક મોટા સ્ટોરમાં ગયા. જ્યાંથી મા માટે કેળાં, સંતરાં, દૂધ ને પાણી ખરીદી લાવ્યા.



મોટલ ઉપર મા ઉતરી ગયાં. અહીં સરોજબેન, કંચનબેન રોકાયાં છે. બાકીની મંડળી ઈન્ડીયન રેસ્ટોરન્ટમાં બપોરનું ભોજન લેવા આગળ વધી. અહીં એરપોર્ટથી આવતાં માર્ગમાં બે બાવની, ૩ પ્રાર્થના ને એક માળા સમૂહમાં સૌ કરી લે છે.

માર્ગમાં ગાઈડ ન્યુઝીલેન્ડના આ શહેરને ‘ગાર્ડન સીટી’ તરીકે ઓળખાવે છે. અહીં કોઈ પણ જમીન લે તેની ૧૦ ટકા જમીન ફરજિયાત બાગ માટે જ રાખવી પડે છે. તેવા નિયમોની વાતો કરે છે.

મોટલમાં આવી સ્નાન, ૧૧ પ્રણામ ને પછી નિર્જળા વ્રત ફળાહારથી પૂર્ણ થયો છે. લગભગ ૩૦ કલાકે વ્રત પૂર્ણ થયું. પ્રણામનો નિત્ય નિયમ તો યાત્રાના ૨૦ દિવસનો અગાઉથી પૂર્ણ થઈ ગયો છે. પ્રભુ પ્રણામ પ્રણામ પ્રણામ.

**(ક્રમશઃ)**

## સંતોષીનું વર્તન કેવું હોય?

(૧) અમુક વસ્તુ મારી છે. તેવી તીવ્ર મમતા સંતોષીને હોતી નથી. (૨) પોતાની માલિકીનું અભિમાન રાખીને સંસારી ભોગના સાધનોનો સંયમ રાખીને, પ્રેમથી ઉપભોગ કરે છે. (૩) પોતાને પ્રાપ્ત ભોગ સાધનો પૈકી સત્પાત્રને યથા-શકિત દાન કરવામાં તે સંકોચ રાખતો નથી. (૪) તેને વ્યસનોરૂપી બંધનો હોતાં નથી. (૫) ચિત્તને તૃષ્ણા પીડા કરે ત્યારે.

**શ્રી મોહનભાઈ પટેલના**

# સાધનાત્મક સંકલ્પો

**સંકલન : નારાયણ હ. જાની**

શ્રી મોહનભાઇ પટેલ એક સારા સાધક છે. હાલ ૭૫ વર્ષના છે, પરંતુ સાધના માટેનો તેમનો ઉત્સાહ યુવાનોને શરમાવે તેવો છે. અગાઉ તેઓએ સ્વર્ગારોહણની સારસંભાળ તેમ જ બગીચાના વિકાસ માટે સારો એવો શ્રમ ઉઠાવેલ છે.

પૂ. મા શ્રી સર્વેશ્વરીએ આ વર્ષે સાધક ભાઈબહેનોને અંબાજી ખાતે સ્વર્ગારોહણના નિવાસ દરમ્યાન સાધના કરવા પ્રત્યે વિશેષ ઝોક આપ્યો. પ્રભુના માર્ગે આગળ વધવા માટે પૂ. મા અને પૂ. ગુરુદેવના મત પ્રમાણે શ્રદ્ધાપૂર્વકની સાધના— એક પરવાના—Passport બરાબર છે. તેથી પૂ. માએ તેઓના આ વખતના ભારતમાંના વસવાટ દરમ્યાન સૌથી વિશેષ ભાર સાધના કરવા મૂક્યો. સાધકોએ પણ તેને ખૂબ ઉત્સાહથી અપનાવ્યો.

એના એક ભાગરૂપે શ્રી મોહનભાઈએ તા. ૩૧—૩—૦૬ થી ૩૧—૩—૦૭ સુધીના એક વર્ષ દરમ્યાન પોતાના સાધનાના સંકલ્પો પૂ. માને લખીને આપ્યા. તે આ મુજબ છેઃ— ૫૦,૦૦૦ પ્રણામ, ૧૦૦૦૦ પ્રદક્ષિણાઓ, ૬,૦૦૦ માળા, ૫,૦૦૦ કલાક ધ્યાન, ૪,૦૦૦ વિષ્ણુસહસ્રના પાઠ (સંસ્કૃતમાં) સરલગીતાના સંસ્કૃત અને ગુજરાતીમાં પાઠ એક એક હજાર.

પૂ. મા વિદેશથી ૨૦૦૬ ના વર્ષમાં પાછા ફરે ત્યારે તા.



૩૧—૩—૦૭ સુધીમાં ઉપરોક્ત સાધના—પુષ્પો ધરવાનો શ્રી મોહનભાઈનો સંકલ્પ ખરે જ ખૂબ પ્રશસ્ય છે.

આ માટે તેઓએ પોતાનું સરસ સમયપત્રક પણ બનાવ્યું છે, જેથી આખા દિવસના તેમ જ રાત્રિના મોટાભાગના સમયનો સરસ રીતે ઉપયોગ થઈ શકે. પોતાના રોજના નિયમ પૂરા ના થાય ત્યાંસુધી રાતે નહિ સૂવાનો સંકલ્પ કરેલો છે. આ બધી જ સાધના તેઓ ઘરમાં રહીને તેમ જ મૌન રાખીને કરવાના છે. ધ્યાન માટે તેઓએ રાત્રિના ૧ થી ૫ નો સમય મૂકરર કરેલ છે. દિવસે નહિ સૂવાનો સંકલ્પ છે તો રાત્રિના ઊંઘ કે આરામ જે ગણો તે માટે તેઓએ માત્ર ૪ થી ૫ કલાક જ ફાળવ્યા છે.

તેઓ પોતાની દૈનિક સાધનાની નોંધ પણ રાખવાના છે, જે ખરે જ જરૂરી ને ઉપયોગી ઠરશે, જેથી સમય સમય પર કેટલાં લક્ષાંકો સિદ્ધ થયાં તેનો ખ્યાલ પણ આવતો રહેશે.

શ્રી મોહનભાઈને દસ વર્ષ પહેલાં ભારે ડાયાબીટીઝ હતો. પરંતુ પૂ. મા અને પૂ. ગુરુદેવની કૃપાથી તેઓ છેલ્લા કેટલાય વખતથી તેમાંથી મુક્ત થયા છે. હાલ તેમની તંદુરસ્તી ઘણી સારી છે. તેનો ખ્યાલ તેઓએ તા. ૩૧—૩—૦૬ થી ૭—૪—૦૬ સુધીમાં જે વિવિધ પ્રકારની સાધના કરી તેના ઉપરથી આવી શકે છે—પ્રદક્ષિણા ૪૫૭૩, ધ્યાન ૨૦ કલાક, ગીતાપાઠ ૧૬, વિષ્ણુસહસ્ર ૨૭, માળા ૨૬૪૦, આ વાંચતાં જ અધધધ થાય એવું છે. પરંતુ શ્રી મોહનભાઈ ખૂબ ઉત્સાહી ને સાધના-પરાસ્ત જીવ છે. તેથી આ બધું શક્ય બન્યું છે.

આપણે પ્રભુને પ્રાર્થીએ કે તેઓના બધા જ સાધનાત્મક સંકલ્પો સમયમર્યાદામાં પૂરા કરવાની શક્તિ અને ભક્તિ શ્રી

મોહનભાઈને આપે. સાથે સાથે એ ઉમેરીએ કે કરેલી સાધનાનું કોઈ અહં એમનામાં ના જાગે—જેથી તેઓ સાધનાનું સર્વોત્તમ ફળ પામી શકે.

**(નોંધ : પૂ. માને શ્રી મોહનભાઈ પટેલે લખેલ પત્રના આધારે)**


સાધકના જીવનમાં જ્યારે અનન્ય ભક્તિનો અથવા પરમાત્માના પરમ પવિત્ર પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારે તે સર્વભાવે પરમાત્માને સમર્પિત બનીને પરમાત્મામય થઈ જાય છે.

**—યોગેશ્વરજી**

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**

**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**

**''સત્યવાન'' તથા ''ચંદન''**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ—૩૬૦૦૦૨**




**સ્વર્ગારોહણના આંગણે**

# અન્ન-વસ્ત્ર અને વસ્તુઓના વિતરણયજ્ઞો

**નારાયણ હ. જાની**

અંબાજી ખાતે સ્વર્ગારોહણ તીર્થમાં સત્કર્મોના ભાગરૂપે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી અન્ન, વસ્ત્ર ને વસ્તુઓના વિતરણના સેવાયજ્ઞો થતા રહે છે. અંબાજીના આસપાસના ગામોમાં વસતા આદિવાસી લોકોનો ઘણો મોટો ભાગ આધુનિક સુખસગવડોથી તો વંચિત છે. એટલું જ નહિ, પરંતુ તે ખૂબ અભાવગ્રસ્ત દશામાં જીવે છે. એમાં ઘણા બધા પરિવારો એવા છે, જેમની પાસે ખાવાના પૂરતા દાણા પણ નથી. તો બીજી જીવન જરૂરિયાતો તો ક્યાંથી હોય જ?

એમના સદ્નસીબે અંબાજી ખાતે સ્વર્ગારોહણ આશ્રમની રચના થઈ છે અને પૂ. મા શ્રી સર્વેશ્વરી જેવાં એના અધિષ્ઠાત્રી છે. જેઓ એક મહાન આધ્યાત્મિક સંત હોવા ઉપરાંત ખૂબ જ અનુકંપાશીલ અને આર્દ્ર હૃદય ધરાવે છે. તેથી આસપાસ વસતા અતિ ગરીબ અને અભાવગ્રસ્ત લોકોનું દુઃખ એ માને સ્પર્શતું રહે છે. એથી તો સને ૨૦૦૬ ના પ્રારંભથી તા. ૬ જાન્યુઆરીથી પૂ. મા અન્ન—વસ્ત્રો અને જીવન માટે આવશ્યક વસ્તુઓના વિતરણના સેવાયજ્ઞો થોડા થોડા સમયના અંતરે કરાવતાં જ રહે છે. એથી જ પૂ. માની નિશ્રામાં અહીં સેવાયજ્ઞ આરંભાયો—તેની માહિતી પૂ. માએ પોતે નીચેના શબ્દોમાં આપી છે.

આજનો આ યજ્ઞ શ્રી શીતલભાઈ અને કેતનભાઈ તરફથી

છે. તેઓ કેનેડામાં રહે છે. વીડિયોદ્વારા જાણે છે કે અહીં આવી સેવા થાય છે. આથી આ વરસે એમની ભારતયાત્રામાં એવી સેવા કરવાની ખાસ ઇચ્છા એમને જાગી.

એટલે આજે જાતે હાજર થઇને તેઓએ આ સેવાની તક ઝડપી લીધી છે. આ માટે સ્વર્ગારોહણ પરિવાર તેમનો આભાર માને છે.

તેઓની આ પ્રેરણા પાછળ તેઓના પિતાશ્રી જગુભાઇ મિસ્ત્રી અને માતા શ્રી નીરૂબેન મિસ્ત્રીના સંસ્કારો રહેલા છે, જેઓએ તેમને આ માર્ગે વાળ્યા છે. એટલે આજે એ પરિવાર તરફથી ૨૫૦ જેટલા ગરીબ આદિવાસી ભાઇબહેનોને આ પ્રમાણે વસ્તુઓ મળશે. ૨૦ કીલો ઘઉં, ૫ કિલો મગ, ધાબળો, શેત્રંજી, ટુવાલ ઉપરાંત દરેકને રૂા. ૨૦ રોકડા તથા પ્રસાદમાં બીસ્કીટ, ચવાણુ વગેરે.

(આવા સહાયને પાત્ર પરિવારોની તપાસ સ્વર્ગારોહણના યુવાન સાધક ભાઇઓએ આસપાસના ગામડામાં જાતે ફરીને કરી હોય છે. એટલે તેઓની એ સેવા પણ ઉલ્લેખનીય છે.)

પૂ. મા ઉમેરે છે કે બીજો પણ એક પરિવાર કેનેડાથી લગ્ન માટે આવી ગયો છે. બેન હેતલના લગ્ન નિમિત્તે સ્વર્ગારોહણ આવ્યો છે. સાથે ભાઇ પ્રેમલ છે. તેમના તરફથી સ્ટીલનાં વાસણો (કથરોટ, કેન, પ્યાલા વગેરે)નું વિતરણ થશે.

હેતલનો પરિચય આપતાં પૂ. મા લખે છે કે તેણે કેનેડાના યુવક—યુવતીઓએ પ. પૂ. શ્રી યોગેશ્વરજીના જીવન પ્રસંગોને રજૂ કરતું જે નાટક ત્યાં ભજવેલું તેમાં મા જ્યોતિર્મયીના પાત્રની સરસ ભૂમિકા ભજવેલી, તો તેના ભાઇ પ્રેમલે પણ એ જ નાટકમાં શ્રી રમણમામાના પાત્રમાં સારો અભિનય કરેલો.



એટલે આ બંને ભાઇબહેન આ પાત્રોની થોડી ઝલક આપણને પછી અહીં બતાવશે.

આ સેવાયજ્ઞમાં સ્વર્ગારોહણ તરફથી લાડુનો પ્રસાદ— મેનેજર શ્રી દેસાઇભાઇ અને તેમના પત્નીના હાથે તેમ જ વિદેશમાં વસતા શ્રી ઈશ્વરભાઇ છોટુભાઇ તરફથી આઇસ્ક્રીમ-નો પ્રસાદ સૌને વહેંચવામાં આવશે.

વિતરણ પહેલાં પૂ. મા ખાસ સૂચના આપે છે કે આપતી વખતે સૌને વંદન કરીને આભાર માનવાનો કે "આપ સ્વીકારો છો તો જ અમે આપી શકીએ છીએ. પ્રભુ આપે છે તે એના જ સંતાનોને આપવાનું છે." એ ભાવ આપતી વખતે મનમાં રાખવાનો છે.

પોતાની ભાવના પ્રદર્શિત કરતાં પૂ. મા લખે છે કે આવા યજ્ઞો પ્રભુની ઇચ્છા હશે ત્યાંસુધી સ્વર્ગારોહણને આંગણે થયા કરશે.

ગરીબોની હાશ લેવાનો આ યજ્ઞ સૌને જગાડનારો છે. તેમાંથી સહુ નાની મોટી પ્રેરણા લઇને પોતાના ઘરઆંગણે નાના નાના યજ્ઞ કરી શકે.

આ યજ્ઞમાં સહાયભૂત થનાર સર્વનો પૂ. મા તેમ જ સર્વ-મંગલ ટ્રસ્ટ વતી શ્રી રાજુભાઇ જાનીએ આભાર માન્યો હતો.

આ ગરીબ આદિવાસી પરિવારો પોતાના જીવનમાં કદી આવી વસ્તુઓ—અને તે આવા ભગવદ્ભાવથી પામ્યા નહિ હોય. વળી જેઓ અશક્ત હતા તેઓની બધી વસ્તુઓ, યોગેશ્વર પરિવારના યુવાન સાધક ભાઇબેનો માથે કે ખભે ઉંચકી બહાર સુધી પહોંચાડી આવતા. આવા ભદ્ર વ્યવહારની તો આ ગરીબ લોકોએ કદી કલ્પના પણ ક્યાંથી કરી હોય?

જેઓને આ સત્કર્મમાં વિતરણ કરવાનું સૌભાગ્ય મળ્યું તેઓમાં શ્રી જગુભાઈ અને નીરુબેન મિસ્ત્રી પરિવારના બે પુત્રો શેતલ અને કેતન તેમજ બે પુત્રવધૂઓ સુનીતા અને નીલાબેન ઉપરાંત બેન હેતલ અને ભાઈ પ્રેમલ, શ્રી ઘનશ્યામભાઈ ને રંજનબેન તથા શ્રી સુશીલાબેન ભક્તનો સમાવેશ થયો હતો.

આ ઉપરાંત પૂ. માએ કેનેડાથી આવેલ જગુભાઈ મિસ્ત્રીના પરિવારને દૂરનાં ગામો—જ્યાંથી આ ગરીબ આદિવાસી લોકો આવ્યા હતા, તેમનાં ઘરો અને તેમની પરિસ્થિતિ પ્રત્યક્ષ નિહાળવા માટે યોગેશ્વર પરિવારના સાધકો સાથે મોકલ્યા હતા. તે જોયા પછી તેઓને અહેસાસ થયો કે તેઓની સહાય કેવા યોગ્ય માણસોને પહોંચી છે. વળી આ ગરીબ લોકો કરતાં પોતાને ભગવાને કેવી સારી પરિસ્થિતિમાં રાખ્યા છે—તે માટે તેઓના હૃદયમાં પ્રભુપ્રત્યે આભારની લાગણી પણ જન્મી. વિદેશોમાં સુખ અને સાહેબી વચ્ચે જન્મીને ઉછેરેલ યુવાનોને ગરીબી શું કહેવાય તેનું પ્રત્યક્ષ દર્શન થયું, જે તેમને માટે મોટા પદાર્થપાઠ સમું હતું.

### ❋ આપવાનો એક સાત્ત્વિક આનંદ ❋

આ ઉપરાંત અન્ન અને વસ્તુ વિતરણના બીજા બે યજ્ઞો પણ સ્વર્ગારોહણ ખાતે થયા. પહેલો યજ્ઞ તા. ૧૭ માર્ચ, ૨૦૦૬ ના રોજ શ્રી મૂકેશભાઈ માલતીબેન અને પુત્ર હાર્દિક તન્નાના સહયોગથી થયો.

એમાં ૧૫૦ જેટલા ગરીબ આદિવાસી પરિવારોને આવરી લેવાયાં હતાં. તેમાં અગાઉના જેટલું જ અનાજ, કઠોળ, શેતરંજી, ટુવાલ, ચવાણુ, બીસ્કીટ ને દરેકને રૂા. ૨૦/– આ પરિવાર તરફથી આપવામાં આવેલ. આ ઉપરાંત ધાબળા શ્રી બિપીનભાઈ તરફથી સ્ટીલના લોટા, ચણા તથા સીંગદાણાનો પ્રસાદ શ્રી હરીશભાઈ કોન્ટ્રેક્ટર અને શ્રી મહાલતાબેન તરફથી, સ્ટીલનાં કેન શ્રી મોહનભાઈ ટેલર અને શ્રી નિર્મળાબેન અને સ્ટીલના ગ્લાસ અને છાસ શ્રી અશોકભાઈ મહેતા વતી શ્રી દીપીકાબેન તરફથી આપવામાં આવેલ.



આ સદ્ભાવપૂર્વક થતું વિતરણનું દૃશ્ય પણ ખરે જ અનેરું હોય છે. દરેક વિતરક પ્રણામ કરીને આ આદિવાસી બેનો અને ભાઈઓને વસ્તુઓ આપે છે. જાણે શિવભાવે જીવની સેવા થઈ રહી છે એમ લાગે. આ રીતે આપવાની એક અનોખી રીત પણ પૂ. માએ જ શીખવી છે. ભારતીય સંસ્કૃતિમાં દાન આપતી વખતે કેવી ઉત્તમ ભાવના દેનારના દિલમાં હોવી જોઈએ, તેનું પ્રત્યક્ષ ઉદાહરણ અહીં દૃષ્ટિગોચર થાય છે. આપનાર એમ માને છે કે પ્રભુએ મને મારી જરૂરત કરતાં વધુ દીધું છે, તો સમાજમાં જેઓ ગરીબ કે અભાવગ્રસ્ત છે તેમને મદદરૂપ થવાની મારી ફરજ છે. આ વિચાર અને ભાવના પ. પૂ. મા સર્વેશ્વરીએ જ સાધકોમાં રેડી છે. એથી આપવાનો પણ એક સાત્ત્વિક આનંદ છે, તેનો અહેસાસ આપનાર વ્યક્તિઓ અહીં અનુભવે છે.

### ❋ આપો, આપો—બસ આપો ❋

**શ્રી શારદાબેન અને શ્રી રામભાઈ ભક્ત તરફથી સેવાયજ્ઞ.**

૨૦૦૬ ના વર્ષના આ ત્રીજા અન્ન અને વસ્તુ વિતરણનાં મુખ્ય દાનાર્થી હતાં અમેરિકા નિવાસી શ્રી શારદાબેન તથા શ્રી રામભાઈ ભક્ત—તેમ જ બીજાઓ તા. ૨૬ માર્ચના સર્વરોગ નિદાન કેમ્પનાં પણ તેઓ જ આર્થિક સહયોગ ધરનાર દાતા હતા, તો તા. ૨૭ માર્ચના રોજ તેઓ તરફથી જ અન્ન વિતરણ

સેવાયજ્ઞ પણ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સંનિધિમાં યોજ્યો હતો.

આ સેવા યજ્ઞનાં લાભાર્થી આદિવાસી પરિવારો પણ ૧૫૦ હતાં. તા. ૧૭ ના રોજ આપવામાં આવેલ ઘઉં, કઠોળ, શેત્રંજી, ટુવાલ, ચવાણુ, બિસ્કીટ તથા રૂા. ૨૦/– જેવું ને જેટલું જ થતું. પૂ. માએ દાતાઓ ઉપરાંત સ્વર્ગારોહણના બધા જ સાધક ભાઇબહેનોને આ વહેંચણીમાં સહભાગી થવાની તક આપી હતી. આદિવાસી ભાઇબેનોને ધાબળો શ્રી બિપીનભાઇ પટેલ (અમેરિકા), સ્ટીલના લોટા વગેરે શ્રી હરીશભાઇ કોન્ટ્રેક્ટર, સ્ટીલનાં કેન સ્વર્ગારોહણના ભક્તો, ગ્લાસ ને છાશ શ્રી અશોકભાઇ મહેતા પરિવાર, સરબત શ્રી મધુભાઇ અને નીલાબેન ભટ્ટ તેમ જ રૂા. ૫૦ શ્રી શારદાબેન અને રતિભાઇ શાહ તરફથી આપવામાં આવેલ. આ બધી વસ્તુઓ પ્રાપ્ત કરતાં—આ આદિવાસી ભાઇબહેનોના મુખ ઉપર જે આનંદ ને સંતોષ વરતાતાં હતાં તે જોનારને પણ ધન્ય કરી દેતાં. દુનિયામાં નિઃસ્વાર્થભાવે કેવળ પ્રભુપ્રીત્યર્થે આવી ભાવપૂર્ણ સેવાનાં દશ્ય બહુ ઓછાં જોવા મળે.

પૂ. માનો બસ એક જ ભાવ—જેમની પાસે કંઇ વધારે છે, તે બીજા અભાવગ્રસ્તોને નિરપેક્ષભાવે આપો, આપો બસ આપો. પૂ. મા સતત આપતાં જ રહે છે. પૂ. માને મન કેવળ પ્રભુ સિવાય ગમે તેવી કિમતી વસ્તુનું કોઇ જ મૂલ્ય નહિ.

આ સેવાયજ્ઞના પ્રારંભમાં મુખ્ય દાતા શ્રી શારદાબેને પૂ. મા સાથેના પોતાના નડિયાદના વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાંના અભ્યાસકાળના સ્મરણને તાજાં કરતાં કહ્યું કે, ત્યાંના એક વર્ષના સાન્નિધ્યના પરિણામે પૂ. મા સાથેનો મારો સંબંધ



પ્રસ્થાપિત થયો છે, તેને હું મારું સૌભાગ્ય ગણું છું. એથી જ આવાં સત્કર્મો કરવાની પ્રેરણા તેઓની કૃપાથી મળતી રહે છે. તેઓના સંસર્ગે અમારા જીવનમાં સાત્ત્વિકતા આણી છે. તેને લીધે ભવિષ્યમાં પણ આવાં સત્કર્મો કરાવતાં રહે તેવી પ્રાર્થના છે.

કાર્યક્રમનો પ્રારંભ પૂ. મા તેમ જ શ્રી શારદાબેન શ્રી રામભાઇ વગેરેના હસ્તે દીપ પ્રકટાવીને કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે યુવાન સાધક શ્રી સ્નેહલ પુરોહિતની—આદિવાસી ગામોમાં ફરી—આવા અભાવગ્રસ્ત પરિવારોની મોજણીના બીજા સાધકો સાથેની કપરી સેવાઓને બીરદાવી—એને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રાજુભાઇ જાનીએ—ટ્રસ્ટ વતી કર્યું હતું.

આમ પૂ. માની સ્વર્ગારોહણમાંની ઉપસ્થિતિ જ સર્વ સત્કર્મોનો સ્રોત બની રહે છે. એથી એ ભૂમિ ખરે જ પાવન-ભૂમિ બની રહી છે, જ્યાં પ્રવેશતાં જ માનવ મન એક અનોખા પ્રકારની સુખી અને શાન્તિનો અનુભવ કરે છે, જે આજની ભાગદોડની દુનિયામાં મળવાં મુશ્કેલ છે—જય હો મા સર્વેશ્વરી-નો ને સ્વર્ગારોહણ પાવનતીર્થનો.

**(સંકલન પ્રાપ્ત વિગતોના આધારે)**

### પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી

# પુરુષોત્તમયોગ

(ફેબ્રુઆરી–૨૦૦૬ નું ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

(પૂ. શ્રીએ ભારતીય દર્શનશાસ્ત્રોના અર્કને લોકભોગ્ય શૈલી-માં સાધકોનાં જીવનને કંડારવા ૧૯૮૪ પહેલાં પુરુષોત્તમયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ, ગીતા ઉપર પ્રવચનો આપેલાં. આ પ્રવચનોની ઓડિયો કેસેટો તૈયાર કરવામાં આવી છે. આ કેસેટમાં પૂ. શ્રીની જે વાણી સાંભળવા મળે છે તે પરમાત્માના અમૃતરસ સમી છે માટે 'પૂ. શ્રીની અમૃતવાણી' શૃંખલા શરૂ કરતાં આનંદ થાય છે. પ્રભુ સ્વરૂપે પધારેલા પૂ. યોગેશ્વરજીની અમૃતવાણી આજે પણ સાંપ્રત સમયમાં શીતળતા આપનારી ને ચિરંતન સાહિત્યને પુષ્ટિ આપનારી બની છે. **—તંત્રી**)

આ જે દેહ છે તે દેહની અંદર દેહી છે, આત્મા છે તે ક્યાં છે? તે કેવો છે? તેની અંદર જે પરમચેતના છે, તે પરમસત્તાનો સાક્ષાત્કાર કરવો જોઈએ. પરમાત્માની સાથે પોતાનો સંપર્ક પ્રસ્થાપિત કરવાના પ્રામાણિક પ્રયત્નો કરે, પરમાત્માની ભક્તિ આદરે, શુદ્ધત્તર આત્મજ્ઞાનના અનુભવપર આગળ ચાલે તેમને સંસારરૂપી વૃક્ષના રૂપો ને રંગો, સંસારરૂપી પદાર્થો, સંસારના વિષયો કદી પણ આકર્ષી શકતા નથી.

રામાયણની અંદર આ વાત બહુ સારી રીતે રજૂ કરવામાં આવી છે. વાલ્મિકી રામાયણની અંદર એક સુંદર પ્રસંગ ઉપસ્થિત કરવામાં આવ્યો. રામચંદ્રના દૂત તરીકે હનુમાનજી માતા સીતાની શોધ કરવા લંકામાં પહોંચ્યા. અશોક વાટિકામાં ગયા. અશોક વાટિકામાં ગયા પછીથી માતા સીતાને હનુમાનજી મળ્યા પછીથી રાવણે અશોક વાટિકામાં પ્રવેશ કર્યો, સીતાને ધમકી આપી એ બધું પણ વૃક્ષ પર બેઠે બેઠે જોયું. પછીથી રાવણ ત્યાંથી ચાલ્યો ગયો ત્યારે હનુમાનજી વૃક્ષ પરથી માતા સીતાની પાસે નીચે આવ્યા.



રાવણે સીતાને ડરાવવા–ડગાવવા ઘણા પ્રયત્નો કર્યા. જ્યારે સીતા ડરી–ડગી શકી નહીં, પ્રલોભનોને વશ થઈ શકી નહીં ત્યારે રાવણે તલવાર તાણી. તલવાર એટલા માટે તાણી કે સીતાનો નાશ કરી શકે. પરંતુ રાવણ તલવારનો પ્રયોગ કરી શક્યો નહીં. શસ્ત્રોનો પ્રયોગ નિષ્ઠાવાન માણસોની આગળ થઈ શકતો નથી.

જે સત્યને પકડીને બેસે તેને શસ્ત્રો ડરાવી શકતાં નથી, ડગાવી શકતાં નથી. એ સત્યને માર્ગે જ આગળ વધે છે. સીતા સ્વસ્થ રહી, શાંત રહી, ચલાયમાન થઈ નહીં. ત્રિજટા આવી. રાવણના હાથમાં તલવાર હતી ને મ્યાન કરવા વિનય કર્યો—ભલામણ કરી. રાવણે સીતાને કહ્યું કે એક મહિના પછી પાછો આવીશ. ચાલ્યો ગયો રાવણ.

એ વખતે હનુમાનજી નીચે ઉતર્યા. માતા સીતાની સાથે વાતો કરી. માતા સીતાની કરુણ અવસ્થાનું દર્શન કરીને હનુમાનજીને થયું કે અત્યારે ને અત્યારે રાવણનો નાશ કરી નાંખું. અત્યારે ને અત્યારે સીતાને રામની પાસે પહોંચાડી દઉં. વળી પાછું યાદ આવ્યું કે રામે તો સીતાની શોધ કરવાનું જ કાર્ય સોંપ્યું હતું. રાવણનો નાશ કરવાનું મને સોંપ્યું નથી. રાવણનો નાશ તો રામચંદ્રજી ભગવાન પોતે જ કરશે. એટલે પોતાના મનોભાવોને હનુમાનજીએ શાંત કર્યા. સીતાને કહ્યું કે રામ

તમારી પાસે જરૂર આવશે. રામનો સંદેશો આપ્યો. રામચંદ્રજીએ જે મુદ્રિકા આપી હતી તે મુદ્રિકા સતા માતાને આપી. સીતાએ ચૂડામણિ આપ્યો.

જવાનો અવસર આવ્યો ત્યારે સીતાએ હનુમાનજીને કહ્યું કે તમે કહો છો કે રામ આવશે, તમે કહો છો કે રાવણનો નાશ કરશે, તમે કહો છો કે લંકામાં રાક્ષસોની જે સેનાઓ છે તે સેનાઓનો પણ કચ્ચરઘાણ કાઢી નાખશે. પરંતુ રામની સેનામાં તમારા જેવા વાનરો જ યોદ્ધાઓ હોય, સામાન્ય વાનર યોદ્ધાઓ હોય તો રાવણની પ્રબળ સેનાની બરાબરી કેવી રીતે કરી શકશે તેની મને શંકા થાય છે.

હનુમાનજીએ કહ્યું કે માતા! અમે ઉપર ઉપરથી નાનાં દેખાઈએ છીએ પરંતુ અમે નાના નથી. જો તમારે ખાતરી કરવી હોય તો અત્યારે જ હું તમને ખાતરી કરાવી આપું. એમ કરીને હનુમાનજીએ પોતાના જન્મજાત યોગબળના સામર્થ્યની મદદથી પોતાના શરીરને વિશાળ કરવા માંડ્યું. અતુલિત બલધામ, એવા હનુમાનજીએ બ્રહ્માંડમાં વ્યાપક થાય તે રીતે પોતાનાં શરીરને વિશાળ કર્યું.

આકાશને અડતું હોય તેવું પોતાનું શરીર, પ્રચંડ કાયા તેજતેજથી ભરપૂર એવું પોતાનું શરીર એમણે ધારણ કર્યું. માતા સીતાને થોડો ભય લાગવા માંડ્યો. હનુમાનજીએ પોતાનું શરીર પાછું પૂર્વવત્ કરી દીધું. અને માતા સીતાને કહ્યું કે હવે તમને શંકા થાય છે કે અમારું સ્વરૂપ કેવું છે? અમારું બહારથી દેખાય છે તે સ્વરૂપ તો બહુ નાનકડું છે, પણ અમે અંદરખાને ઘણાં વિરાટ્ છીએ. રામની કૃપાથી આવી શક્તિની અમને પ્રાપ્ત થઈ છે કે અમે ઇચ્છાનુસાર શરીર ધારણ કરી શકીએ છીએ.



સીતાએ કહ્યું કે હવે મને વિશ્વાસ થઈ ગયો કે રાવણની સેનાનો નાશ તમે બધા કરી શકશો. તમે ઉપરથી દેખાવ છો તેવા સામાન્ય વાનરો નથી. પરાક્રમી છો, મહાપુરુષો છો તમે. અને જરૂર હવે મારું સ્વપ્નું સિદ્ધ થઈ શકશે. ત્યારે હનુમાનજીએ કહ્યું માતા મારા જેવા સેવકો તો સુગ્રીવની સેનામાં અથવા રામની સેનામાં અનેક છે. હું તો એક નાનકડો સેવક છું.

આવી શક્તિથી સંપન્ન સેવકો રામની સેનામાં ગણ્યા ગણાય નહીં વિણ્યા વિણાય નહીં એટલા બધા છે. તમે જરાય ચિંતા ના કરો. રામ આવશે ને અમે બધાયનો નાશ કરી નાંખીશું. રાવણની સમગ્ર સેનાનો અને તમને મુક્ત કરીશું. સીતા પ્રસન્ન થઈ ગયાં. સીતાએ કહ્યું હનુમાનજી! વરદાન માગો. તમે જે કહો તે પારિતોષિક આપવાની મારી તૈયારી છે. હમુમાનજીએ કહ્યું માતા! સેવક કંઈ માગતો નથી. સેવકની કાંઈ ઇચ્છા હોતી નથી.

હું જે કાંઈ કરું છું તે રામની પ્રસન્નતા માટે જ કરું છું. હું જે કરું છું. તે વ્યક્તિગત સ્વાર્થથી પ્રેરાઈને કરતો નથી. મારે કાંઈ જ જોઈતું નથી, રાજ્ય જોઈતું નથી, સામ્રાજ્ય જોઈતું નથી, ધન જોઈતું નથી, વૈભવ જોઈતો નથી, ઐશ્વર્ય જોઈતું નથી. હું તો કેવળ રામની પ્રસન્નતા માટે જ ભગવાન રામના ચારુ ચરણોમાં મારા મનને ચોંટાડીને રામના આદેશ પ્રમાણે કાર્ય કરું છું. એમાં જ મારો સંતોષ, એ જ મારો મોટામાં મોટો પુરસ્કાર, એ જ મારું મોટામાં મોટું પારિતોષિક છે. એનાથી હું સંસારના પ્રલોભનોમાં ફસાતો નથી.

(ક્રમશઃ)

# રસેશ્વરી

(માર્ચ–૨૦૦૬ થી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

'સાચું છે.' સુકુમારીએ સુધાસભર સ્વરમાં ઉત્તર આપ્યો; 'હું ગોકુલની નહિ પરંતુ બાજુના બરસાના ગામની નિવાસીની છું. મારા પિતા વૃષભાનુ અને મારી માતા કીર્તિ છે. હું ગોકુલ-માં મારી સખીને ત્યાં આવી છું. યમુનાના પવિત્ર જલમાં સ્નાન કરવા માટે આવેલી ત્યાં જ મારા સદ્ભાગ્યે બંસીનો સુમધુર નાદ સાંભળ્યો ને મારું મન મોહિત, મધુમય તથા મુગ્ધ બની ગયું.'

'તને મારી બંસીનો નાદ ગમ્યો ખરો?'

'ખૂબ જ ગમ્યો. એટલો બધો ગમ્યો કે વાત નહિ. એના આસ્વાદને મારું મન જ જાણે છે. વાણી એનું વર્ણન નથી કરી શકતી. એ પરમ સુધામય સ્વર્ગીય સ્વરશ્રવણમાં હું બીજું બધું જ ભૂલી ગઇ ને રસસમાધિમાં ડૂબી રહી.'

'તો પછી તારી આંખમાં અશ્રુ કેમ છે?'

'અશ્રુ આનંદનાં હોય છે ને શોકનાં પણ. સુખનાં હોય છે ને દુઃખનાં પણ. આ અશ્રુ આનંદનાં અથવા સુખનાં છે. સના-તન સુખનાં. બંસીના સ્વરના શ્રવણથી મને જે સુખ સાંપડ્યું છે તેનું વર્ણન કેવી રીતે કરી શકું? વર્ણન કરવાનો પ્રયાસ કરું તોપણ એ વર્ણન પરિપૂર્ણ તો નહિ જ હોય. અહીં આવી ત્યારે મારા આત્માને અપાર શાંતિ મળી. મને જે જોઇતું'તું તે મળી ગયું. મને થયું કે હું આને માટે જ જન્મેલી ને આ જ વસ્તુની શોધ કરી રહેલી. હા. આ જ સ્વરની અને આ જ સાંનિધ્યની.



કોણ જાણે મારા કયા જન્મના પુણ્યના પરિપાકરૂપે મારી એ શોધ પૂરી થઇ! આ જન્મમાં તો મેં કોઇ એવું પુણ્યકર્મ નથી કર્યું પણ પૂર્વજન્મની ખબર કોને પડે છે?'

કૃષ્ણ એ અસાધારણ સૌંદર્યમૂર્તિ સુકુમારીને અત્યંત ભાવ-પૂર્વક જોઇ રહ્યા ને બોલ્યા :

'તારી વાણી સાંભળીને મને ખૂબ જ આનંદ થાય છે. તારી સમજણ ઘણી ઊંચી છે.'

'ઊંચી છે કે નીચી તેની ખબર તો મને નથી પડતી, પરંતુ મારા ભાવો તથા ઉદ્ગારો મારા મુખમાંથી નથી નીકળ્યા પણ અંતરમાંથી નીકળ્યા છે. મારી આંખમાં આવેલાં અશ્રુ મારા હૃદયની રાગમયતા કે ધન્યતાનાં પરિચાયક છે. કોણ જાણે કેમ પણ અહીં આવ્યા પછી મને એવું લાગે છે કે આપણે સ્થૂલ શરીરથી આજે મળ્યાં છીએ તોપણ યુગોથી, જન્મજન્માંતરથી સંકળાયેલાં છીએ. આપણો સ્નેહ સનાતન છે. આપણા આત્મા એકમેકની સાથે એકાકાર અથવા ઓતપ્રોત છે. એ સિવાય મારા અંતરમાં આટલું આકર્ષણ થાય જ નહિ. મેં કોઇ અતિશ-યોક્તિ કરી હોય તો ક્ષમા માગું છું. અનુરાગ અવારનવાર અતિશયોક્તિ કરી બેસે છે અને અલ્પોક્તિ પણ.'

(ક્રમશઃ)

અજ્ઞાનનું આવરણ દૂર થાય તો બધે પ્રભુનાં દર્શન થાય.

સંસારની મમતા ને આસક્તિ ઓછી કરી ભગવાનની કૃપા પામવાનો પ્રયાસ કરો.